સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 17**

[18/04/21 to 24/04/21]

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**18**
**APR-2021**


- દિવસ મહિમા: 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day) ........ 02
- UNFPA નો વિશ્વ વસતી અહેવાલ ........ 02
- બ્રિટિશ ક્વિન એલિઝાબેથના પતિશ્રી પ્રિન્સ ફિલિપની અંતિમ વિદાય ........ 03
- QUESTION ANSWERS ........ 06


**19**
**APR-2021**


- દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day) ........ 07
- ટ્રિબ્યુનલ સુધારણા (સેવાની સુવ્યવસ્થિતા અને શરતો ) વટહુકમ, 2021 ........ 07
- ઈટલીએ ભારતમાં પ્રથમ ફૂડ પાર્ક શરૂ કર્યો ........ 09
- QUESTION ANSWERS ........ 11


**20**
**APR-2021**


- ઓડીશા સરકાર દ્વારા તાજેતરમાં લિંગરાજ મંદિરમાં ભક્તોના જાહેર પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો ........ 13
- નાસાનું ઈન્જેન્યુટી (Ingenuity) હેલિકોપ્ટરે મંગળ ગ્રહ પર તેમની પ્રથમ ઐતિહાસિક ઉડાન ભરી. ........ 14
- ‘ભારતીય પ્રતિસ્પર્ધા પંચ’ (CCI) અને ‘બ્રાઝિલ આર્થિક સર્વેક્ષણ માટે પ્રશાસનિક પરિષદ’ (CADE) વચ્ચે MoU ........ 15
- QUESTION ANSWERS ........ 17


**21**
**APR-2021**


- દિવસ મહિમા : 21 એપ્રિલ, નેશનલ સિવિલ સર્વિસ ડે ........ 18
- ‘World Press Freedom Index -2021’ માં ભારત 142માં ક્રમે ........ 18
- RBI એ ARC કામગીરીની સમીક્ષા માટે ‘સુદર્શન સેન’ સમિતિની રચના કરી. ........ 19
- QUESTION ANSWERS ........ 21


**22**
**APR-2021**


- દિવસ મહિમા: 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ ........ 22
- ઓસ્ટ્રેલિયાએ, ઓસ્ટ્રેલિયા – ભારત ઈન્ડો પેસિફિક મહાસાગરની પહેલની શરૂઆત કરી. ........ 22
- QUESTION ANSWERS ........ 24


**23**
**APR-2021**


- દિવસ મહિમા : 23 એપ્રિલ, (1) વિશ્વ પુસ્તક દિવસ (World Book Day)
  (2) અંગ્રેજી ભાષા દિવસ (English Language Day) ........ 25
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમે ‘Global Energy Transition Index - 2021’ જાહેર કર્યું. ........ 25
- શ્રી જી.સી મૂર્મુને OPCWના બાહ્ય ઓડિટર તરીકે પસંદગી કરવામાં આવી. ........ 26
- ભારતીય મહિલાઓએ AIBA Youth World Boxing Championshipમાં 7 ગોલ્ડ મેડલ જીત્યા ........ 27
- QUESTION ANSWERS ........ 28


**24**
**APR-2021**


- દિવસ મહિમા : 24 એપ્રિલ, (1) રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (2) World Lab Animal Day ........ 29
- ભારતની સુપ્રીમ કોર્ટના 48માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી. એન. વી. રમણ(રમન્ના)ના શપથ ........ 30
- Zydusની દવા Virafin ને DCGI દ્વારા મંજૂરી મળી ........ 32
- QUESTION ANSWERS ........ 33

ONE LINER ........ 34
QUESTION OF THIS WEEK ........ 36



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા: 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day)

### વિશ્વ વિરાસત દિવસ

માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 18 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે' અથવા 'વિશ્વ વિરાસત દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 1982માં ICMOS નામની સંસ્થાએ ટ્યુનિશિયામાં 18 એપ્રિલને 'World Heritage Day' તરીકે ઉજવવાની શરૂઆત કરી હતી.
- ત્યાર બાદ યોજાયેલી UNESCO ની 22મી સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી 18 એપ્રિલ 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2021 ની થીમ "Compex pasts : Diverse Futures" છે.

## UNFPA નો વિશ્વ વસતી અહેવાલ




તાજેતરમાં 'સંયુક્ત રાષ્ટ્ર વસતી ફંડ' (United Nation Population Fund - UNFPA) એ 'મારૂં શરીર મારૂં પોતાનું છે' શીર્ષક હેઠળ વિશ્વ વસ્તી અહેવાલ પ્રકાશિત કર્યો હતો.

- આવું પ્રથમ વાર છે કે સંયુક્ત રાષ્ટ્રએ શારીરિક સ્વાયત્તતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હોય.
- સંયુક્ત રાષ્ટ્ર વસતી ફંડના આ અહેવાલમાં જાણવા મળ્યું કે, સમગ્ર વિશ્વમાં 50% મહિલાઓને પોતાના જ શરીર પર અધિકાર નથી.
- આ ઉપરાંત માત્ર 56% દેશમાં જાતીય શિક્ષણ ઉપલબ્ધ કરવાના કાયદા કે નીતિઓ છે.
- તેમજ UNFPAના નિર્દેશક શ્રી નટાલિયા કનેમના જણાવ્યા અનુસાર કરોડો મહિલાઓ અને છોકરીઓનો પોતાના જ શરીર પર અધિકાર નથી અને તેમનું જીવન બીજાના હાથ નીચે છે.

### શારીરિક સ્વાયત્તતાના સિદ્ધાંત વિશે

- આ સિદ્ધાંત મુજબ, બાળકો સહિતના દરેક માનવીને તેમના શરીર ઉપર સ્વતંત્ર નિર્ણય લેવાનો અધિકાર છે. જે અસંબંધિત શારીરિક ઘૂસણખોરીને માનવાધિકારનું ઉલ્લંઘન માને છે
- જો કે, આ સિદ્ધાંત પરંપરાગત રીતે ત્રાસ, અમાનવીય વર્તન અને બળજબરીપૂર્વક અટકાયત જેવા વ્યવહારના સંબંધમાં લાવવામાં આવ્યો છે.
- શારીરિક સ્વાયત્તતાના કેટલાક ઉદાહરણો નીચે મુજબ દર્શાવ્યા છે

1) બાળ લગ્ન

2) ગર્ભનિરોધક વિકલ્પોનો અભાવ

3) ઘર અને ખોરાકના બદલામાં અનિચ્છનીય જાતીય સંબંધ

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પોતાના શરીર વિશે નિર્ણય કરવાનો અધિકાર

- આ રિપોર્ટ અનુસાર 57 વિકાસશીલ દેશોમાં લગભગ 50% સ્ત્રીઓને તેમના શરીર વિશે નિર્ણય લેવાનો અધિકાર નથી.
- જેમાં ગર્ભ નિરોધક દવાનો ઉપયોગ કરવો, આરોગ્યની સંભાળ લેવી અથવા તેમની જાતિયતા અંગેના પોતાના નિર્ણયો લેવામાં સક્ષમ ન હોવું વગેરેનો સમાવેશ થાય છે.
- 20 દેશમાં એવા કાયદા પણ છે જેની મદદ થી દુષ્કર્મ પીડિતા સાથે લગ્ન કરીને તેમને પડેલી સજાથી બચી શકે છે.
- આ રિપોર્ટ અનુસાર જાતીય સંબંધ, ગર્ભ–નિરોધક કે આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવા લગભગ 50% મહિલાઓને અનેક પ્રકારના પ્રતિબંધોનો સામનો કરવો પડે છે.

## ભારતમાં સ્થિતિ

- ભારતમાં રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ– 4 (National Family Health Survey-4), વર્ષ 2015-2016 મુજબ હાલમાં 12% પરણિત મહિલાઓ તેમના સ્વાસ્થ્ય સંભાળ સંબંધિત સ્વતંત્ર રીતે નિર્ણય લેવામાં સક્ષમ છે.
- 65% પરણિત મહિલાઓ તેમના જીવનસાથી સાથે નિર્ણય લે છે.
- 23% મહિલાઓના જીવનસાથી મુખ્યત્વે તેમની આરોગ્ય સંભાળ વિશે નિર્ણય લે છે.
- વર્તમાનમાં ભારતમાં માત્ર 8% પરણિત મહિલાઓ સ્વતંત્ર રીતે ગર્ભનિરોધકના ઉપયોગ અંગે નિર્ણય લેવામાં સક્ષમ છે.

## સંયુક્ત રાષ્ટ્ર વસતી ફંડ

- સંયુક્ત રાષ્ટ્ર વસતી ફંડ (UNFPA) એ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું જ એક અંગ છે.
- જે જાતીય અને પ્રજનન સ્વસ્થ્ય એજન્સી તરીકે કાર્ય કરે છે.
- UNFPAની સ્થાપના સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ દ્વારા કરવામાં આવી હતી.
- તેની સ્થાપના વર્ષ 1967 માં ટ્રસ્ટ ફંડ તરીકે કરવામાં આવી હતી. તથા તેમણે તેનું કાર્ય વર્ષ 1969 માં શુરૂ કર્યુ હતું.
- વર્ષ 1987માં તેનું સત્તાવાર રીતે 'સંયુક્ત રાષ્ટ્ર વસતી ફંડ' (UNFPA) નામ રાખવામાં આવ્યું હતું.
- તેમનું વડું મથક અમેરીકાના ન્યુયોર્ક ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રિટિશ ક્વિન એલિઝાબેથના પતિશ્રી પ્રિન્સ ફિલિપની અંતિમ વિદાય

9 એપ્રિલના રોજ 99 વર્ષની વયે મૃત્યુ પામેલા બ્રિટિશ રાણીના પતિ શ્રી પ્રિન્સ ફિલિપની 17 એપ્રિલના રોજ અંતિમ વિદાય યોજાઈ હતી.

- પ્રિન્સના નિધનની સત્તાવાર જાહેરાત બ્રિટશ રાજવી પરિવારે કરી હતી.
- બ્રિટિશ રાજવી નિવાસ સ્થાન વિન્ડસર પેલેસ ખાતે તેમને દફન કરવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે બ્રિટિશ રાણી એલિઝાબેથ સાથે વર્ષ 1947 માં તેમના લગ્ન થયા હતા.
- તેમની દફનવિધિ રાજવી ઠાઠ સાથે યોજાઈ હતી અને રાજાશાહીના નીતિ – નિયમોનું પાલન થયું હતું.

- પ્રિન્સ ફિલિપે 18 વર્ષ પહેલા જ પોતાના મૃત્યુ પછીની વિધિની તૈયારી શરૂ કરી દીધી હતી અને બધુ આયોજન પણ કરી રાખ્યું હતું, જેથી તેના મૃત્યુ પછી કોઈને વિધિ–વિધાન કરવામાં મુશ્કેલી ન પડે.
- તેમના નિધનના સમાચાર બાદ બ્રિટનમાં રાષ્ટ્રીય શોક વ્યાપી ગયો હતો.
- તમામ મોટી ઈમારતો અને સરકારી સ્થળો તથા મહેલો ઉપર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો.
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ Tweet કરીને શોક વ્યક્ત કર્યો હતો.

## પ્રિન્સ ફિલિપ



પ્રિન્સ ફિલિપનો જન્મ 10 જૂન, 1921 ના રોજ ગ્રીસના નાનકડા ટાપુ કોર્ફુ ખાતે થયો હતો.

- તેઓ બ્રિટિશ કુંવર હોવા છતા તેમનો જન્મ બ્રિટનમાં નહીં પરંતુ ગ્રીસ – ડેનમાર્કના રાજવી પરિવારમાં થયો હતો.
- વર્ષ 1922 માં અમુક કારણોસર તેમને ગ્રીસ છોડવું પડયું હતું.
- ત્યારબાદ તેમનો પરિવાર ફ્રાન્સ સ્થળાંતરિત થયો હતો.
- ફ્રાન્સ, જર્મની અને યુનાઈટેડ કિંગડમમાંથી શિક્ષણ મેળવ્યા પછી માત્ર 18 વર્ષની ઉંમરે તેમણે વર્ષ 1939માં 'બ્રિટિશ રોયલ નેવી' માં જોડાયા હતા.
- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે નૌસેનાની ભૂમધ્ય અને પેસિફિક સૈન્ય ટુકડીઓમાં સેવા આપી હતી.
- વર્ષ 1947માં બ્રિટનની રાજકુમારી એલિઝાબેથ સાથે લગ્ન કર્યા હતા.
- વર્ષ 1952 માં એલિઝાબેથ રાણી બન્યા પછી પ્રિન્સ ફિલિપે સક્રિય રીતે લશ્કરી સેવા છોડી દીધી હતી.
- બ્રિટિશ ક્વિન એલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપને ચાર સંતાનો છે.

## રોયલ કોન્સર્ટ

- પ્રિન્સ ફિલિપ બ્રિટિશ ઈતિહાસમાં સૌથી લાંબો સમય રહેનાર 'રોયલ કોન્સર્ટ'(Royal Consort) છે.
- બ્રિટનમાં સમ્રાટની પત્ની અથવા મહારાણીના પતિને 'કોન્સર્ટ' તરીકે ઓળખવામાં આવે છે
- 'કોન્સર્ટ' એ એક એવી પદવિ છે જે માન અને સન્માન આપે છે પરંતુ કોઈ બંધારણીય ભૂમિકા નથી.

## પ્રિન્સ ફિલિપની ભારતની મુલાકાત

- પ્રિન્સ ફિલિપ અને રાણી એલિઝાબેથ બંને વર્ષ 1961 માં પ્રથમ વખત ભારત સાથે આવ્યા હતા.
- 21 જાન્યુઆરી, 1961 ના રોજ તેમના સન્માનમાં દિલ્હી ખાતે સ્થિત રામલીલા મેદાનમાં જાહેર સત્કાર સમારંભ યોજાયો હતો.
- આ સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રિન્સ ફિલિપ અને રાણી એલિઝાબેથે પ્રજાસત્તાક દિનની પરેડમાં પણ ભાગ લીધો હતો.
- તેઓ રામલીલા મેદાનમાં આવતા પહેલા મહાત્મા ગાંધીજીની સમાધિ રાજઘાટની મુલાકાત લીધી હતી.

**પ્રિન્સ ફિલિપ અને લોર્ડ માઉન્ટ બેટન**

- પ્રિન્સ ફિલિપ એ ભારતના અંતિમ વાઈસરોય શ્રી લોર્ડ માઉન્ટબેટનના ભાણેજ હતા.
- પ્રિન્સ ફિલિપ નાની વયના હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થયું હતું.
- આ સમયગાળા દરમિયાન લોર્ડ માઉન્ટ બેટને તેમની સંભાળ લીધી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE દ્વારા ONLINE UPLOAD
# કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

| | |
|---|---|
| દિવસ મહિમા | 7:00 AM |
| GPSC MAINS Q & A | 11:00 AM |
| VOCAB | 01:00 PM |
| GPSC SPECIAL ARTICLE | 07:00 PM |
| ICE DAILY DOSE | 08:00 PM |
| MATHS EASY SOLUTIONS | EVERY SUNDAY 02:00 PM |
| ICE MAGIC EVERY MONDAY | ICE MIRACLE EVERY WEDNESDAY |

## SUNDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે ‘વર્લ્ડ હેરિટેજ ડે’ અથવા ‘વિશ્વ વિરાસત દિવસ’ તરીકે ઉજવણી કરવામાં આવે છે?
(A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ (C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ (C)

2. કયા વર્ષે ICMOS નામની સંસ્થાએ 18 એપ્રિલને 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી?
(A) વર્ષ 1980 (B) વર્ષ 1982 (C) વર્ષ 1988 (D) વર્ષ 1990 (B)

3. વર્ષ 2021 ના ‘વર્લ્ડ હેરિટેજ ડે’ ની થીમ શું હતી?
(A) Compex Pasts : Diverse Futures
(B) Adapting to change : Sustaining
(C) Building a Fairer, healthir World for everyone.
(D) Compex Pasts : Sustaing (A)

4. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ‘વિશ્વ વસતી અહેવાલ’ પ્રકાશિત કરવામાં આવ્યો છે?
(A) UNICEF (B) UNFPA (C) UNICEC (D) UNDAP (B)

5. UNFPAએ કયા શીર્ષક હેઠળ વિશ્વ વસતી અહેવાલ પ્રકાશિત કર્યો છે?
(A) મારૂં શરીર મારૂં પોતાનું છે.
(B) મારા શરીરનો અધિકાર
(C) અધિકાર શરીરના
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં. (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. UNFPA અહેવાલ અનુસાર સમગ્ર વિશ્વમાં કેટલા ટકા મહિલાઓને પોતાના જ શરીર પર અધિકાર નથી.
(A) 20% (B) 30% (C) 45% (D) 50% (D)

7. સંયુક્ત રાષ્ટ્ર વસતી ફંડ (UNFPA) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે?
1. UNFPA એ જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે કાર્ય કરે છે.
2. UNFPAની સ્થાપના સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ દ્વારા કરવામાં આવી હતી.
3. UNFPA ની સ્થાપના 1967 માં ટ્રસ્ટ ફંડ તરીકે કરવામાં આવી હતી.
3. તેમનું વડું મથક ન્યૂયોર્ક ખાતે આવેલું છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
(A) ફક્ત 1 અને 3 (B) 1, 2, 3, 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 4 (B)

8. તાજેતરમાં બ્રિટનના કયા પ્રિન્સનું નિધન થયું છે?
(A) પ્રિન્સ ફિલિપ (B) પ્રિન્સ વુડ (C) પ્રિન્સ ચાર્લ્સ બીજા (D) પ્રિન્સ અલ્બર્ટ (A)

9. પ્રિન્સ ફિલિપનો જન્મ ક્યારે થયો હતો ?
(A) 21 જૂન, 1911 (B) 10 જૂન, 1921 (C) 5 જૂન, 1926 (D) 15 જૂન, 1931 (B)

10. બ્રિટનમાં સમ્રાટની પત્ની અથવા મહારાણીના પતિને કયા નામથી ઓળખવામાં આવે છે?
(A) રોયલ લોકર્સ (B) રોયલ કોન્સર્ટ (C) રોયલ રાઈન (D) રોયલ કોન્સેટન (B)

## દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day)

### વિશ્વ યકૃત દિવસ

માનવીય શરીરમાં યકૃત (લીવર) અને તેના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 19 એપ્રિલના રોજ 'વિશ્વ યકૃત દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર ભારતમાં યકૃતના રોગો એ મૃત્યુનું 10મું સૌથી સામાન્ય કારણ છે.
- યકૃત માનવ શરીરને સ્વસ્થ રાખવા માટે ડિટોક્સિફિકેશન અને પાચન સહિત વિવિધ જટિલ કાર્યો કરે છે.
- યકૃત એ માનવ શરીરનું સહાયક પાચક અંગ છે. તથા પાચન તંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- યકૃત મુખ્યત્વે માનવ શરીરમાં ચેપી રોગોનો સામનો કરવા, બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવા, શરીરમાંથી ઝેર દૂર કરવા, કોલેસ્ટ્રોલનું સ્તર નિયંત્રિત કરવા વગેરેમાં મદદરૂપ છે.
- વધારે પડતા આલ્કોહોલ અને ફાસ્ટ ફૂડના વધુ ઉપયોગના કારણે યકૃતના રોગો થાય છે.

## ટ્રિબ્યુનલ સુધારણા (સેવાની સુવ્યવસ્થિતા અને શરતો ) વટહુકમ, 2021

ભારતના રાષ્ટ્રપતિશ્રીએ તાજેતરમાં 'ટ્રિબ્યુનલ સુધારણા (સેવાની સુવ્યવસ્થિતા અને શરતો) વટહુકમ, 2021' (Tribunal Reforms (Rationalistion and condition of Service) Ordinance, 2021) લાગુ કર્યો હતો.

- આ વટહુકમ અંતર્ગત 9 કાયદા હેઠળના અપીલીય સંસ્થાઓનું વિસર્જન કરી અને તેમની કામગીરીને ઉચ્ચ અદાલતોમાં સ્થળાંતરિત કરવામાં આવી છે.
- આ વટહુકમ દ્વારા નાણાં અધિનિયમ (Finance Act), 2017માં પણ સુધારો કરવામાં આવ્યો છે. જેથી સર્ચ – કમ –સિલેક્શન સમિતિ (સર્ચ એન્ડ સિલેક્ટ કમિટી) અને તેમના સભ્યોના કાર્યકાળની મુદતને લગતી જોગવાઈઓ તેમાં સામેલ થઈ શકે.

**નોંધ :** નાણાં અધિનિયમ, 2017એ કેન્દ્ર સરકારને સીમા શુલ્ક, ઉત્પાદન શુલ્ક અને સર્વિસ ટેક્સ અપીલીય ટ્રિબ્યુનલ જેવા 19 ટ્રિબ્યુનલના સભ્યોની નિમણૂક અને સેવા શરતો સંબંધિત નિયમોને સૂચિત કરવા અધિકાર આપે છે.

### વટહુકમની જોગવાઈઓ

આ વટહુકમ દ્વારા કેટલીક હાલની અપીલીય સંસ્થાઓનું વિસર્જન કરવામાં આવ્યું છે અને તેમના કાર્યો અન્ય ન્યાયિક સંસ્થાઓ (હાઈકોર્ટ)માં તબદીલ કરવામાં આવ્યા છે.

- આ વટહુકમ દ્વારા કેન્દ્ર સરકારની ટ્રીબ્યુનલના સભ્યોની લાયકાત, નિમણૂક, કાર્યકાળ, પગાર અને ભથ્થાઓ, રાજીનામું તથા સેવાની શરતો અંગેના નિયમો બનાવવા માટે સત્તા આપવામાં આવી છે.
- આ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા સર્ચ – કમ – સિલેક્શન (સર્ચ એન્ડ સિલેક્ટ કમિટી)ની ભલામણ પર ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સમિતિની અધ્યક્ષતા ભારતના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા નિયુક્ત સુપ્રિમકોર્ટના અન્ય ન્યાયાધીશ કરશે.
- ટ્રિબ્યુનલના અધ્યક્ષનો કાર્યકાળ 4 વર્ષ અથવા 70 વર્ષની વય સુધીનો (જે અગાઉ છે તે મુજબ) રહેશે.
- ટ્રિબ્યુનલના અન્ય સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા 67 વર્ષની વય સુધીનો (જે અગાઉ છે તે મુજબ) રહેશે.
- આ વટહુકમમાં નીચેના કાયદા હેઠળ સ્થાપિત ટ્રિબ્યુનલ્સ ને ફાઈનાન્સ એક્ટ (નાણાં અધિનિયમ)ના ક્ષેત્રમાં બાકાત રાખવામાં આવ્યા છે.

(1) સિનેમેટોગ્રાફ એક્ટ, 1952

(2) ટ્રેડ માર્કસ એક્ટ, 1999

(3) કોપીરાઈટ એક્ટ, 1957

(4) કસ્ટમસ એક્ટ, 1962

(5) પેટન્ટ એક્ટ, 1970

(6) એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, 1994

(7) રાષ્ટ્રીય ધોરીમાર્ગ નિયંત્રણ (જમીન અને ટ્રાફિક) અધિનિયમ, 2020

(8) માલ–સામનના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999.

## ટ્રિબ્યુનલ્સ (પંચ) એટલે શું?

ટ્રિબ્યુનલ અથવા પંચો એ અર્ધન્યાયિક ફરજો નિભાવવાના હેતુસાર સ્થપાયેલી વહીવટી સંસ્થા છે.

- ન્યાયાલયની ગતિવિધિઓને આગળ વધારવા અને ન્યાયની માંગણીઓને આગળ વધારવાના પગલે અને નવા હક્કોના અમલીકરણની સ્થિતિઓની આવશ્કાયતાઓથી પંચોની સ્થાપના થઈ છે.
- ન્યાયિક વહીવટમાં વિલંબ એ સૌથી મોટો અવરોધ છે તથા કાયદાકીય અદાલતોની પ્રક્રિયા વિસ્તૃત, ધીમી અને ખર્ચાળ છે.
- આથી, એચ. ડબલ્યુ. આર. વેડના મત અનુસાર "વીસમી સદીના સામાજિક કાયદાને સંપૂર્ણપણે વહીવટી કારણોસર પંચોની માંગ કરી મોટી સંખ્યામાં નાના દાવાઓને સમાવતી કલ્યાણ યોજનાઓના વહીવટ માટે પંચો ઝડપી, સસ્તો અને વધુ સુલભ ન્યાય પ્રદાન કરી શકે છે."

## બંધારણીય જોગવાઈ

ભારતના મૂળ બંધારણમાં ટ્રિબ્યુનલ (પંચો)ના સંદર્ભમાં માં કોઈ જોગવાઈ ન હતી.

- 42માં બંધારણીય સુધારા અધિનિયમ, 1976 દ્વારા બંધારણમાં નવો ભાગ 14(A) ઉમેરાયો અને તે ભાગ પંચ (Tribunals) તરીકે ઓળખાય છે.
- બંધારણના ઉપરોક્ત ભાગ 14(A) માં ફક્ત બે અનુચ્છેદ ઓનો સમાવેશ થાય છે જે નીચે મુજબ છે:

બંધારણના ભાગ 14(A)ના અનુચ્છેદો
- અનુચ્છેદ 323 (A): વહીવટી પંચો
- અનુચ્છેદ 323 (B) : અન્ય બાબતો માટેના પંચો

## અનુચ્છેદ-323(A)

અનુચ્છેદ– 323(A)એ સંસદને કેન્દ્ર, રાજ્ય, સ્થાનિક સંસ્થાઓ, જાહેર કોર્પોરેશનો અને સત્તાધિકારીઓની જાહેર સેવાઓમાં નિમણૂક કરવામાં આવતી વ્યક્તિઓની સેવાની ભરતી અને શરતો સંબંધિત વિવાદોના નિર્ણય માટે વહીવટી પંચોની સ્થાપના કરવાની સત્તા આપે છે.

- અનુચ્છેદ 323(A) અંતર્ગત સંસદ દ્વારા 'વહીવટી પંચ અધિનિયમ, 1985' પસાર કરવામાં આવ્યો હતો.
- આ અધિનિયમ અંતર્ગત 'કેન્દ્રીય વહીવટી પંચ' અને 'રાજ્ય વહીવટી પંચ'ની સ્થાપના કરવા માટે કેન્દ્ર સરકારને મંજૂરી આપે છે.
- આ કાયદાએ સામાન્ય ન્યાયાલયની ખર્ચાળ તેમજ લાંબી જટીલ પ્રક્રિયાઓમાંથી મુક્તિ આપી ઝડપી અને સસ્તો ન્યાય પ્રદાન કરવાના ક્ષેત્રમાં નવું પ્રકરણ ખોલ્યું છે.

## અનુચ્છેદ-323(B)

- બંધારણના અનુચ્છેદ–323(B) અંતર્ગત સંસદ અને રાજ્ય વિધાનસભાને નીચે મુજબની બાબતોમાં ન્યાય માટે પંચોની રચના કરવાનો અધિકાર છે.

(1) કરવેરા સંબંધિત બાબતો

(2) વિદેશી હૂંડિયામણ અંગે, જકાતી સરહદો પાર કરી કરવામાં આવતી આયાત – નિકાસ બાબત

(3) ઉદ્યોગો અને શ્રમિકોને લગતી તકરારો.

(4) જમીન સુધારણા કરવા બાબત.

(5) શહેરી મિલકત ઉપર ટોચ મર્યાદા મૂકવા બાબત.

(6) સંસદ અને રાજ્ય વિધાન મંડળની ચૂંટણી અંગેની બાબતો.

(7) આવશ્યક માલ–સામાનના ઉત્પાદન અને ભાવ નિયંત્રણની બાબતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધઃ– (1) કેન્દ્રીય વહીવટી પંચની સ્થાપના વર્ષ 1985 માં કરવામાં આવી હતી

(2) અનુચ્છેદ 323(A) અંતર્ગત માત્ર સંસદ જ પંચની રચના કરી શકે છે. જ્યારે અનુચ્છેદ 323(B) અંતર્ગત સંસદ અને રાજ્ય વિધાનમંડળને પણ પંચ રચવાની સત્તા છે.


## ઈટલીએ ભારતમાં પ્રથમ ફૂડ પાર્ક શરૂ કર્યો

- ઈટલીએ તાજેતરમાં ભારતમાં પ્રથમ 'મેગા ફૂડ પાર્ક' શરૂ કર્યો છે.
- આ ફૂડ પાર્ક મહેસાણા જિલ્લાના ફણીધર ખાતે શરૂ કરવામાં આવ્યો છે જેમાં ફૂડ પ્રોસેસિંગ સુવિધાઓ શામેલ છે.
- આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ બંને દેશોના કૃષિ અને ઉદ્યોગ વચ્ચે સુમેળ સર્જીને નવી તકો વધુ તકનીકી સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- આ ફૂડ પાર્ક પ્રોજેક્ટ કૃષિ ઉત્પાદન અને બજારોને જોડશે.

- તથા તે પ્રોસેસર્સ, ખેડૂતો અને રિટેલરોને એક સાથે કરવામાં, મહત્તમ મૂલ્યમાં વધારો કરવા, ખેડૂતોની આવક બમણી કરવા, બગાડ ઘટાડવા અને રોજગારની તકો બનાવવા મદદ કરશે.

## મેગા ફૂડ પાર્ક (Mega Food Park)

- ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયે વર્ષ 2008 માં 'મેગા ફૂડ પાર્ક' યોજના શરૂ કરી હતી.
- સરકાર દ્વારા આ યોજના અંતર્ગત 42 મેગા ફૂડ પાર્ક સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- મેગા ફૂડ પાર્ક 'ક્લસ્ટર' આધારિત અભિગમ પર વિકસિત થયેલ છે.
- મેગા ફૂડ પાર્ક માં કલેક્શન સેન્ટર, પ્રાયમરી પ્રોસેસિંગ સેન્ટર અને સેન્ટ્રલ પ્રોસેસિંગનો સમાવેશ થાય છે.
- આ યોજનાનો હેતુ વૈશ્વિક ખાદ્ય વેપારમાં ભારતનો હિસ્સો ઓછામાં ઓછો 3% વધારવાનો છે.
- આ યોજના અંતર્ગત ભારત સરકાર દરેક ફૂડ પાર્ક અને 50 કરોડ રૂપિયા પુરા પાડે છે.
- દરેક મેગા ફૂડ પાર્ક ઓછામાં ઓછા 25,000 ખેડૂતોને ઉમેરવાનું લક્ષ્ય રાખે છે.



1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ યકૃત દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 19 એપ્રિલ (B) 20 એપ્રિલ (C) 21 એપ્રિલ (D) 22 એપ્રિલ — (A)

2. 'ટ્રિબ્યુનલ સુધારણા (સેવાની સુવ્યવસ્થિતા અને શરતો) વટહુકમ, 2021' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે?

1. ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા આ વટહુકમ લાગુ કરવામાં આવ્યો હતો.
2. આ વટહુકમ અંતર્ગત 9 કાયદા હેઠળના અપીલ સંસ્થાઓનું વિસર્જન કરી તેમની કામગીરીને અદાલતમાં સ્થળાંતરિત કરવામાં આવશે.
3. આ વટહુકમ અંતર્ગત 'નાણા અધિનિયમ, 2017' માં પણ સુધારો કરવામાં આવ્યો છે.
4. આ વટહુકમ અંતર્ગત કેન્દ્ર સરકારને ટ્રિબ્યુનલના સભ્યો ની લાયકાત, નિમણૂક, કાર્યકાળ, રાજીનામું તથા સેવાની શરતો અંગેના નિયમો બનાવવા માટે સત્તા આપવામાં આવેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) 1, 2, 3, 4 (D) ફક્ત 1 અને 3 — (C)

3. ટ્રિબ્યુનલના અધ્યક્ષનો કાર્યકાળ કેટલો છે?

(A) 5 વર્ષ અથવા 70 વર્ષની વય સુધીનો
(B) 5 વર્ષ અથવા 62 વર્ષની વય સુધીનો
(C) 4 વર્ષ અથવા 70 વર્ષની વય સુધીનો
(D) 4 વર્ષ અથવા 60 વર્ષની વય સુધીનો — (C)

4. ભારતીય બંધારણના કયા ભાગમાં 'પંચો' (Tribunals)ની જોગવાઈ કરવામાં આવી છે?

(A) ભાગ–11 (A) (B) ભાગ–12 (A) (C) ભાગ–13 (A) (D) ભાગ–14 (A) — (D)

5. કયા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં ભાગ 14(A) ઉમેરવામાં આવ્યો હતો?

(A) 42માં (B) 44માં (C) 76માં (D) 91માં — (A)

6. કેન્દ્રીય વહીવટી પંચની સ્થાપના કયા વર્ષે થઈ હતી?

(A) વર્ષ 1981 (B) વર્ષ 1982 (C) વર્ષ 1985 (D) વર્ષ 1991 — (C)

7. વહીવટી પંચો અંગેની જોગવાઈ ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ – 332 (A) (B) અનુચ્છેદ – 323 (A)
(C) અનુચ્છેદ – 321 (A) (D) અનુચ્છેદ – 318 (A) — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. તાજેતરમાં કયા દેશે ભારતમાં 'ફૂડ પાર્ક' શરૂ કર્યો છે?

(A) બ્રિટન (B) જાપાન (C) કેનેડા (D) ઈટલી **(D)**


9. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયે કયા વર્ષે 'મેગા ફૂડ પાર્ક' યોજના શરૂ કરી હતી?

(A) 2004 (B) 2008 (C) 2011 (D) 2013 **(B)**

10. 'મેગા ફૂડ પાર્ક' યોજના અંતર્ગત સરકાર દ્વારા કેટલા ફૂડ પાર્ક સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે?

(A) 42 (B) 48 (C) 68 (D) 71 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ઓડિશા સરકાર દ્વારા તાજેતરમાં લિંગરાજ મંદિરમાં ભક્તોના જાહેર પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.

લિંગરાજ મંદિર (Lingraj Tempale) ના ચાર સેવાદરોના તાજેતરમાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ઓડિશા સરકાર દ્વારા મંદિરમાં ભક્તોના જાહેર પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

### લિંગરાજ મંદિર વિશે

- 11મી સદીમાં બનેલું લિંગરાજ મંદિર ભગવાન શિવને સમર્પિત મંદિર છે.
- લિંગરાજ મંદિર ઓડિશા રાજ્યના ભુવનેશ્વર ખાતે આવેલું છે.
- લિંગરાજ મંદિરને ભુવનેશ્વર શહેરનું સૌથી મોટું મંદિર માનવામાં આવે છે.
- આ મંદિર 11મી સદીમાં સોમવંશી રાજા યયાતી કેશારી દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- આ મંદિર લાલ પથ્થરોનું બનેલું છે જે 'કલિંગ શૈલી' ના સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે.
- આ મંદીરને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં વિમાન (ગર્ભગૃહ યુક્ત રચના), યજ્ઞ શાળા (પ્રાર્થના માટે હોલ), ભોગ મંડપ (પ્રસાદ માટે હોલ), નાટ્યશાળા (નૃત્ય માટેનો હોલ )નો સમાવેશ થાય છે.
- વિશાળ સંકુલમાં ફેલાયેલા આ મંદિરમાં 150 સહાયક મંદિરો છે.
- લિંગરાજને 'સ્વયંભૂ' (Swayambhu) મંદિરના રૂપથી પણ ઓળખવામાં આવે છે.
- મંદિરનું બીજું મહત્વનું પાસું એ છે કે તે ઓડિશામાં શૈવ અને વૈષ્ણવ ધર્મ કે સંપ્રદાયના સંકલનનું પ્રતિક છે કારણ કે ભગવાન જગન્નાથ મંદિર અને લિંગરાજ મંદિર એક જ સમયે વિકસિત થયા છે.
- આ મંદિરનું બીજું આકર્ષણ 'બિંદુસાગર' તળાવ છે, જે મંદિરની ઉત્તર દિશામાં સ્થિત છે.

### કલિંગ સ્થાપત્ય વિશે

- કલિંગ સ્થાપત્યમાં મુખ્યત્વે એક મંદિર બે ભાગમાં બનેલું હોય છે પ્રથમ શિખર અને બીજો ભાગ ગર્ભગૃહ.
- શિખરને દેઉલ (Deula) તથા ગર્ભગૃહ ને જગમોહન (Jagmohan) તરીકે ઓળખવામાં આવે છે.
- દેઉલ અને જગમોહનની દીવાલો મુખ્યત્વે સ્થાપત્ય મૂર્તિઓ અને આકૃતિઓથી ભવ્ય સ્વરૂપમાં કોતરવામાં આવી છે.
- સૌથી વધુ અને વારંવાર બનાવેલી આકૃતિઓ ઘોડાની નાળ આકારની છે જે શરૂઆતથી જ લોકપ્રિય છે.

### ઓડિશામાં અન્ય મહત્વપૂર્ણ સ્મારકો

ઓડિશામાં આવેલ મહત્વપૂર્ણ સ્મારકો નીચે મુજબ દર્શાવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | મહત્વપૂર્ણ સ્મારકો |
|---|---|
| 1) | કોર્ણાકનું સૂર્ય મંદિર (યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવિષ્ટ) |
| 2) | જગન્નાથ મંદિર |
| 3) | તારા તારિણી મંદિર |
| 4) | ઉદયગિરી અને ખંડાગિર ગુફાઓ |

## નાસાનું ઈન્જેન્યુટી (Ingenuity) હેલિકોપ્ટરે મંગળ ગ્રહ પર તેમની પ્રથમ ઐતિહાસિક ઉડાન ભરી.

નાસાએ મંગળ ગ્રહ પર ઉતારેલા પર્સિવરન્સ રોવર (Perseverance Rover) સાથેના હેલિકોપ્ટર ઈન્જેન્યુટીએ 19, એપ્રિલ રોજ મંગળ ગ્રહ પર તેની પ્રથમ ઉડાન ભરીને ઈતિહાસ રચ્યો છે.

- કોઈપણ અન્ય ગ્રહ પર આ પ્રકારની ઉડાન ભરી હોય તેવી આ પ્રથમ ઘટના હતી.
- નાસાએ આ ઘટનાની સરખામણી વર્ષ 1903ના પ્રથમ વિમાન ઉડ્ડયન સાથે કરી હતી.
- વર્ષ 1903માં શ્રી ઓરવિલ અને શ્રી વિલ્બર રાઈટે (રાઈટ બ્રધર્સ) પ્રથમવાર ઉડાન ભરી હતી.
- જે કોઈપણ માનવનિર્મિત વાહન હવામાં ઉડ્યું હોય એવી એ પ્રથમ ઘટના હતી.
- જ્યાં હેલિકોપ્ટરે ઉડાન ભરી હતી એ જગ્યાને નાસાએ 'રાઈટ બ્રધર્સ ફિલ્ડ' નામ આપ્યું છે.

### ઇન્જેન્યુટી હેલિકોપ્ટર



ઈન્જેન્યુટી હેલિકોપ્ટર એ મંગળ ગ્રહ પર ઉડાન ભરનાર પ્રથમ હેલિકોપ્ટર છે.

- આ હેલિકોપ્ટર સોલાર સંચાલિત છે એટલે કે તેને સોલર પેનલ વડે ઊર્જા મળી રહે છે.
- હેલિકોપ્ટરની ઝડપ 2,400 આર.પી.એમ છે.
- તથા તેમનું વજન 8 કિલોગ્રામ છે.
- ઈન્જેન્યુટી હેલિકોપ્ટર 'મંગળ 2020' મિશનના ભાગરૂપે પર્સિવરન્સ રોવર દ્વારા મંગળની સપાટી પર ઉતારવામાં આવ્યું હતું.
- આ હેલિકોપ્ટર પૃથ્વી પરના કદાવર હેલિકોપ્ટર જેવડુ નથી પરંતુ રમકડાની જેમ નાનું છે.
- આ હેલિકોપ્ટરની ઊંચાઈ 19.3 છે.

## પર્સિવરન્સ રોવર

પર્સિવરન્સ અથવા પર્સેવરન્સ એ ખગોળીય વિજ્ઞાનનું એક મિશન છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ મંગળ ગ્રહમાં પ્રાચીન સૂક્ષ્મજીવાણુ જીવનના અવશેષો શોધવાનું છે.

- મંગળના ખડક, તૂટેલા ખડક અને ધૂળને એકત્રિત કરવા માટેનું આ પ્રથમ મિશન છે.
- આ પહેલા 'ક્યૂરોસિટી' રોવર મંગળગ્રહ પર મોકલવામાં આવ્યું હતું
- આ રોવરમાં સાત પેલોડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, બે માઈક્રોફોન અને 19 કેમેરા છે.
- આ રોવર મંગળ ની જમીન પર ડ્રિલિંગ કરશે અને મંગળખડકોના મૂખ્ય નમૂનાઓ એકત્રિત કરશે.

## માર્સ 2020 મિશન (મંગળ 2020 મિશન)

- 'માર્સ' અથવા 'મંગળ 2020' મિશન, જુલાઈ 2020 માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશન નાસાના મંગળ સંશોધાન કાર્યક્રમનો એક ભાગ છે.
- મંગળ 2020 મિશનને 'એટલાસ વી લોન્ચ વ્હીકલ' (Atlas V Launch Vehicle) દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશન વર્ષ 2020 માં શરૂ કરાયેલા ત્રણ મિશનમાનું એક છે.
- વર્ષ 2020માં શરૂ કરાયેલ ત્રણ મંગળ મિશન નીચે મુજબ છે.

  (1) માર્સ 2020 મિશન – USA (NASA)

  (2) તીયાનવેન–1 મિશન – ચીન

  (3) હોપ ઓર્બિટર– યુ.એ.ઈ.

- 'પર્સિવરન્સ' અથવા 'પર્સેવરન્સ' રોવર મંગળના અભ્યાસ માટેનુ અત્યાર સુધીનું સૌથી મોટું રોવર છે

**નોંધ:**

(1) મંગળગ્રહના અભ્યાસ માટે UAE દ્વારા જુલાઈ 2020 માં તેનુ પ્રથમ મંગળ મિશન હોપ ઓર્બિટર (Hope Orbiter) લોન્ચ કરવામાં આવ્યું હતું.

(2) જ્યારે ચીન દ્વારા જુલાઈ 2020માં લોન્ચ કરવામા આવેલ તિયાનવેન–1 નામના મંગળ મિશન અંતર્ગત ઓર્બિટર, રોવર અને લેન્ડરને મંગળ ગ્રહના અભ્યાસ માટે મોકલવામાં આવ્યા છે.

## 'ભારતીય પ્રતિસ્પર્ધા પંચ' (CCI) અને 'બ્રાઝિલ આર્થિક સર્વેક્ષણ માટે પ્રશાસનિક પરિષદ' (CADE) વચ્ચે MoU

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતા હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં 'ભારતીય પ્રતિસ્પર્ધા પંચ' (CCI) અને 'બ્રાઝિલ આર્થિક સંરક્ષણ માટે પ્રશાસનિક પરિષદ' (CADE) વચ્ચે સમજૂતી કરાર (MoU) ને મંજૂરી આપી છે.

- પ્રતિસ્પર્ધા અધિનિયમ, 2002ની કલમ 18, CCI ને પોતાની ફરજો નિભાવવા માટે અથવા આ અધિનિયમ હેઠળ આવતા પોતાના કાર્યો કરવા માટે કોઈપણ વિદેશની કોઈપણ એજન્સી સાથે કોઈપણ પ્રકારનો કરાર કરવાની અનુમતિ આપે છે.

- તદનુસાર,અત્યાર સુધીમાં CCI દ્વારા નીચે મુજબના છ MoU કરવામાં આવ્યા છે.

1) સંઘીય વેપાર પંચ અને ન્યાય વિભાગ
2) મહાનિર્દેશક પ્રતિસ્પર્ધા, યુરોપિયન સંઘ
3) સંઘીય એકાધિકાર વિરોધી સેવા, રશિયા
4) ઓસ્ટ્રેલિયન પ્રતિસ્પર્ધા અને ગ્રાહક પંચ
5) પ્રતિસ્પર્ધા બ્યૂરો, કેનેડા
6) BRICS પ્રતિસ્પર્ધા સત્તામંડળ

## ભારતીય પ્રતિસ્પર્ધા પંચ

ભારતીય સ્પર્ધા આયોગ (Competition Commission Of India) એક વૈધાનિક સંસ્થા છે. જેની રચના 'સ્પર્ધા અધિનિયમ, 2002' અંતર્ગત 14 ઓક્ટોબર, 2003 ના રોજ કરવામાં આવી હતી.

### માળખું


- ભારતીય સ્પર્ધા આયોગ અથવા ભારતીય સ્પર્ધા પંચમાં એક અધ્યક્ષ અને 6 અન્ય સભ્યો હોય છે.
- આ અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે.

### કાર્યો

- ભારતીય સ્પર્ધા આયોગના કાર્યો નીચે મુજબના છે.

1) સ્પર્ધા પર પ્રતિકૂળ પ્રભાવ પાડનાર કાર્યોના વ્યવહારોને રોકવા અને સમાપ્ત કરવા.
2) બજારમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવું.
3) ગ્રાહકોના હિતનું રક્ષણ કરવું.
4) અન્ય સહભાગીઓ દ્વારા કરવામાં આવેલા વ્યાપારની સ્વતંત્ર અને સુનિશ્ચિત કરવી.
5) સ્પર્ધાના મુદ્દાઓ પર જાહેર જાગૃતિ વધારી તાલીમ આપવી.
6) આયોગને કોઈપણ કાયદા અંતર્ગત સ્થાપાયેલી વૈધાનિક સંસ્થા દ્વારા સ્પર્ધાના મુદ્દાઓ પરની બાબતો પર અભિપ્રાય આપવાના હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# TUESDAY Questions

1. ઓડિશા સરકાર દ્વારા તાજેતરમાં કયા મંદિરમાં ભક્તોના જાહેર પ્રવેશ પર પ્રતિબંધ મુકયો છે?

(A) જગન્નાથ મંદિર (B) તારા તરણી મંદિર (C) લિંગરાજ મંદિર (D) કોર્ણાકનું સૂર્ય મંદિર **(C)**

2. લિંગરાજ મંદિર ઓડિશાના કયા શહેરમાં સ્થિત છે?

(A) ભૂવનેશ્વર (B) કટક (C) કોર્ણાક (D) સંબલપુર **(A)**

3. નીચેનામાંથી કયા મંદિરને ‘સ્વયંભૂ’ (Swayambhu) મંદિરના ઉપનામથી પણ ઓળખવામાં આવે છે?

(A) જગન્નાથ મંદિર (B) લિંગરાજ મંદિર

(C) બ્રહ્મપુર મંદિર (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

4. કલિંગ સ્થાપત્ય વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે?

1. આ સ્થાપત્યનું મંદિર મુખ્યત્વે 2 ભાગમાં બનેલું હોય છે.
2. કલિંગ સ્થાપત્યના મંદિરના શિખરને દેઉલ અને ગર્ભગૃહને જગમોહન તરીકે ઓળખવામાં આવે છે.
3. આ સ્થાપત્યમાં સૌથી વધુ ઘોડાના નાળ આકારની આકૃતિઓ જોવા મળે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. તારા તરણી મંદિર કયા રાજ્યમાં સ્થિત છે?

(A) કર્ણાટક (B) કેરળ (C) ઓડિશા (D) ત્રિપુરા **(C)**

6. તાજેતરમાં નાસાના કયા હેલિકોપ્ટરે મંગળગ્રહ પર તેમની પ્રથમ ઐતિહાસિક ઉડાન ભરી હતી?

(A) ઈન્જેન્યુટી (B) પર્સિવરન્સ (C) હોપ (D) તિયાનવન **(A)**

7. નાસાના ઈન્જેન્યુટી હેલિકોપ્ટર વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે?

(A) ઈન્જેન્યુટી હેલિકોપ્ટરએ અન્ય ગ્રહ પર ઉડાન ભરનાર પ્રથમ હેલિકોપ્ટર છે.

(B) મંગળ ગ્રહ પર ઉડાન ભરનાર આ હેલિકોપ્ટરનું વજન 8 કિલોગ્રામ અને ઊંચાઈ 19.3 ઈંચ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

8. મંગળ ગ્રહના અભ્યાસ માટેનું ‘તિયાનવેન – 1 મિશન’ કયા દેશનું છે?

(A) રશિયા (B) ચીન (C) જાપાન (D) ઈન્ડોનેશિયા **(B)**

9. ભારતીય પ્રતિસ્પર્ધા પંચે તાજેતરમાં કયા દેશ સાથે MoU કર્યા છે?

(A) બ્રાઝિલ (B) જાપાન (C) યુ.કે (D) અમેરિકા **(A)**

10. ભારતીય સ્પર્ધા પંચ (CCI) ની સ્થાપના કયા વર્ષે થઈ હતી?

(A) 2003 (B) 2004 (C) 2005 (D) 2006 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 એપ્રિલ, નેશનલ સિવિલ સર્વિસ ડે

ભારતમાં નાગરિક સેવા સાથે સંકળાયેલા અધિકારીઓના કાર્ય અને પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને તેને બિરદાવવા માટે દર વર્ષે 21 એપ્રિલના રોજ નેશનલ સિવિલ સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી નિમિત્તે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ઉત્કૃષ્ટતા માટે ત્રણ કેટેગરીમાં પ્રધાનમંત્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવે છે.
- આ દિવસે એટલે કે 21 એપ્રિલ, 1947ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે નવી દિલ્હીના મેટકાફે હાઉસમાં ઓલ ઈન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કૂલના પ્રોબેશનરી અધિકારીઓને ઐતિહાસિક સંબોધન કર્યું હતું.

બ્રિટિશ યુગમાં સિવિલ સર્વિસ શબ્દનો ઉપયોગ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વહીવટી નોકરીમાં કર્મચારીઓ માટે થતો હતો.

- શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે સિવિલ સર્વિસ માટે આપેલા યોગદાનને લીધે ભારતના પેટ્રેન સેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## 'World Press Freedom Index -2021' માં ભારત 142માં ક્રમે

Reporters Without Borders દ્વારા તાજેતરમાં 'પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ – 2021' પ્રસિદ્ધ કર્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 180 દેશોમાં ભારત 142 માં ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ 2020માં પણ આ ઈન્ડેક્સમાં ભારત 142માં ક્રમે હતું.
- વર્ષ 2021માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં નોર્વે પ્રથમ ક્રમે છે જે વર્ષ 2019 અને 2020માં પણ પ્રથમ ક્રમે જ હતું.
- નોર્વે બાદ ફિનલેન્ડ બીજા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- જ્યારે એરિટ્રિયા અંતિમ 180 માં ક્રમે છે.

### World Press Freeodom Index -2021Rank

| Rank | Country |
|---|---|
| 1 | નોર્વે |
| 2 | ફિનલેન્ડ |
| 3 | સ્વિડન |
| 65 | ભૂટાન |
| 67 | જાપાન |
| 106 | નેપાળ |
| 122 | અફઘાનિસ્તાન |
| 127 | શ્રીલંકા |
| 142 | ઈન્ડિયા |
| 145 | પાકિસ્તાન |
| 150 | રશિયા |
| 152 | બાંગ્લાદેશ |
| 177 | ચીન |
| 180 | એરિટ્રિયા |



### વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ વિશે

Reporters Without Borders દ્વારા વર્ષ 2002થી દર વર્ષે આ ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- આ ઈન્ડેક્સની વર્ષ 2002માં પ્રથમ આવૃતિ પ્રકાશિત થઈ હતી.
- આ ઈન્ડેક્સમાં પત્રકારોને મળતી સ્વતંત્રતાના આધારે વિશ્વના 180 દેશોને રેન્ક આપવામાં આવે છે.
- Reporters Without Borders એ પેરિસ ખાતે આવેલ સંયુક્ત રાષ્ટ્ર, યુનેસ્કો, યુરોપિયન કાઉન્સિલ, OIF અને આફ્રિકન સાથેની સલાહકાર ભૂમિકાની જાહેર હિતમાં આંતરરાષ્ટ્રીય બિનસરકારી, બિન લાભકારી સંસ્થા છે.
- આ ઈન્ડેક્સ બહુમતીવાદના સ્તર, મીડિયાની સ્વતંત્રતા, મીડિયા માટેનું વાતાવરણ, કાનૂની માળખું, તેમજ સમાચાર અને માહિતી માટેના હાલના માળખાગતની ગુણવત્તાના આકારણી પર આધારિત છે.

નોંધ: (1) ભારતીય બંધારણના અનુચ્છેદ 19(1)(a)માં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી છે.
(2) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં બોલવાની, લખવાની તેમજ છાપવાની સ્વતંત્રતા નો સમાવેશ થાય છે.

## RBI એ ARC કામગીરીની સમીક્ષા માટે 'સુદર્શન સેન' સમિતિની રચના કરી.

તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શ્રી સુદર્શન સેનની અધ્યક્ષતા હેઠળ 'એસેટ રિકન્ટ્રક્શન કંપનીઓ' (ARC) વિશે અભ્યાસ કરવા માટે સમિતિની રચના કરવામાં આવી છે.

### સમિતિ વિશે

- આ સમિતિનું નેતૃત્વ ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સુદર્શન સેન કરે છે.
- આ સમિતિ ARC (Asset Reconstruction Companies -ARC) ના કાનૂની અને નિયમનકારી માળખાની સમીક્ષા કરશે.
- આ સમિતિ 'એસેટ રિકન્ટ્રક્શન કંપનીઓ' એટલે કે સંપત્તિ પુનર્નિર્માણ કંપનીઓની અસરકારકતામાં સુધારો લાવવાના પગલાની ભલામણ કરશે.
- સમિતિ IBC (ઈન્વોલ્વન્સી અને બેંકરપ્સી કોડ) હેઠળ તણાવગ્રસ્ત સંપતિ ઠરાવમાં ARCની ભૂમિકાની પણ સમીક્ષા કરશે.

### ARC વિશે

ARCનું પૂરું નામ 'Asset Reconstruction Companies' છે.


- ARC એ વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ છે જે તેમની નાણાકીય સંસ્થાઓ પાસેથી 'Non Performing Assets' ખરીદે છે. જેથી તે તેમની બેલેન્સ શીટ્સ સાફ કરી શકે.
- જે બેંકોને સામાન્ય બેન્કિંગ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે.
- બેંકો ડિફોલ્ટરો પર પોતાનો સમય અને પ્રયત્નો વેડફવાના બદલે પરસ્પર સંમત કિંમતે ARCને તેમની NPA વેચી શકે છે.

## RBI

<u>ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, 1934</u> અંતર્ગત ભારતમાં આર્થિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે <u>1 એપ્રિલ, 1935</u>ના રોજ RBI (Reserve Bank of India)ની સ્થાપના કરવામાં આવી હતી.

- RBI ભારતની સેન્ટ્રલ બેન્ક છે. તથા તે ભારતની તમામ બેંકો નું સંચાલન કરે છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોના આધારે RBIની સ્થાપના કરવામાં આવી હતી.
- શરૂઆતમાં RBI નું વડું મથક <u>કોલકત્તા</u> ખાતે હતું પરંતુ વર્ષ <u>1937</u>થી કાયમી ધોરણે <u>મુંબઈ</u> ખાતે વડું મથક ખસેડવામાં આવ્યું હતું.
- RBI ભારતીય રૂપિયાના ઈસ્યુ અને પુરવઠા ને નિયંત્રિત કરે છે.
- RBIનું સંચાલન <u>'કેન્દ્રીય સંચાલન બોર્ડ'</u> દ્વારા થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં દર વર્ષે કયા દિવસે 'નેશનલ સિવિલ સર્વિસ ડે' ની ઉજવણી કરવામાં આવે છે?

(A) 18 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ — (B)

2. સિવિલ સર્વિસ માટે આપેલ યોગદાન બદલ કોને ભારતના 'પેટ્રેન સેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે?

(A) મહાત્મા ગાંધીજી (B) શ્રી જવાહરલાલ નેહરૂ

(C) શ્રી મહાદેવભાઈ દેસાઈ (D) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ — (D)

3. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ – 2021માં ભારત કેટલામાં ક્રમે રહ્યું છે?

(A) 140 (B) 141 (C) 142 (D) 144 — (C)

4. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ – 2020માં ભારત કેટલામાં ક્રમે રહ્યું હતું ?

(A) 140 (B) 141 (C) 142 (D) 144 — (C)

5. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ – 2021માં કયો દેશ પ્રથમ ક્રમે રહ્યો છે ?

(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) સ્વીડન (D) ભૂટાન — (A)

6. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ – 2021માં કયો દેશ બીજા ક્રમે રહ્યો છે ?

(A) સ્વીડન (B) ફિનલેન્ડ (C) જાપાન (D) ભૂટાન — (B)

7. વર્લ્ડ ફ્રીડમ ઈન્ડેક્સમાં અંતિમ ક્રમે કયો દેશ છે?

(A) અફઘાનિસ્તાન (B) રશિયા (C) ચીન (D) એરિટ્રિયા — (D)

8. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે?

1. આ રિપોર્ટ 'Reporters Without Borders' દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

2. આ ઈન્ડેક્સની અને પ્રથમ આવૃત્તિ 2020 માં પ્રકાશિત થઈ હતી.

3. આ ઈન્ડેક્સમાં પત્રકારોને મળતી સ્વતંત્રતાના આધારે વિશ્વના 180 દેશોને રેન્ક આપવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1,2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 — (A)

9. કયા વર્ષથી વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ પ્રકાશિત કરવામાં આવે છે?

(A) 2000 (B) 2001 (C) 2002 (D) 2003 — (C)

10. RBI એ ARCની કામગીરીની સમીક્ષા માટે તાજેતરમાં કઈ સમિતિની રચના કરી?

(A) શ્રી સુદર્શન સેન (B) શ્રી રાજીવ કુમાર (C) શ્રી અમિતાભ કાની (D) શ્રી સંજીવ શુકલા — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા: 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ

## વિશ્વ પૃથ્વી દિવસ




પર્યાવરણ સંરક્ષણના સમર્થન માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલના રોજ 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1970 થી થયો હતો.
- 22 એપ્રિલ, 2021ના દિવસે વિશ્વ પૃથ્વી દિવસની 51મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીનો પ્રારંભ શ્રી જેરાલ્ડ નેલ્સન નામના અમેરિકાના સેનેટર દ્વારા પર્યાવરણ શિક્ષણના રૂપમાં કરવામાં આવ્યો છે.
- વર્ષ 2021ની થીમ 'Restore Our Earth' છે.

નોંધ :–

(1) સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 2009માં 22 એપ્રિલને 'આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

(2) સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે, જ્યારે અમેરિકામાં તેને 'વૃક્ષ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઓસ્ટ્રેલિયાએ, 'ઓસ્ટ્રેલિયા – ભારત ઈન્ડો પેસિફિક મહાસાગરની પહેલ'ની શરૂઆત કરી.

ઓસ્ટ્રેલિયાએ તાજેતરમાં ઓસ્ટ્રેલિયા– ભારત 'ઈન્ડો પેસિફિક મહાસાગરની પહેલ' અંગે ભાગીદારી શરૂ કરી હતી.

- આ કાર્યક્રમ સ્વતંત્ર, ખુલ્લા અને સમૃદ્ધ હિન્દ પ્રશાંત મહાસાગર (Indo Pacific Oceans) ને સમર્થન આપશે.
- ઓસ્ટ્રેલિયન સરકારે આ પહેલને સમર્થન આપવા માટે 1.4 મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર (8.12 કરોડ રૂપિયા) ની ગ્રાન્ટ પ્રદાન કરી છે.

## હિન્દ – પ્રશાંત મહાસાગરની પહેલ

હિન્દ પ્રશાંત મહાસાગરની પહેલ (Indo Pacific Oceans Initiative) ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2019માં ઈસ્ટ ઈન્ડિયા સમિટમાં શરૂ કરવામાં આવી હતી.

- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ સરહદોને મજબુત બનાવવાનો છે.
- તેના ત્રણ મુખ્ય સામાન્ય લક્ષ્ય છે જેમકે કલ્યાણ પ્રોત્સાહન, સંપત્તિ નિર્માણ અને સહયોગ
- તેમનો મુખ્ય સિદ્ધાંત સમાન વિચારધારા દેશો સાથે ભાગીદારી રચવાનો છે.

## હિન્દ – પ્રશાંત મહાસાગર પહેલના સ્તંભ

હિન્દ – પ્રશાંત મહાસાગરની પહેલ નીચે મુજબના સ્તંભો પર કેન્દ્રિત છે.

(1) દરિયાઈ સંસાધનો

(2) દરિયાઈ સુરક્ષા

(3) દરિયાઈ ઈકોલોજી

(4) ક્ષમતા નિર્માણ અને સંસાધન વહેંચણી

(5) હોનારતના જોખમમાં ઘટાડો અને સંચાલન

(6) તકનીકી અને શૈક્ષણિક સહયોગ

(7) વ્યવસાયિક જોડાણ

(8) સમુદ્ર પરિવહન

## ભારતની ભૂમિકા

ભારતે હંમેશા આસિયાન દેશોને હિન્દ – પ્રશાંત મહાસાગર વિષયક પહેલના કેન્દ્રોમાં રાખ્યા છે. સરળ શબ્દોમાં કહીએ તો, ઈન્ડો – પેસિફિક મહાસાગરીય પહેલ એ ‘લુક ઈસ્ટ નીતિ’ (Look East Policy) નો ભાગ છે.

- ઓગસ્ટ 2020 માં ભારત – વિયેતનામ આ પહેલના ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સંમત થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હિન્દ પ્રશાંત (Indo - Pacific) ક્ષેત્ર



હિન્દ મહાસાગર અને પ્રશાંત મહાસાગરના કેટલાક ભાગોને જોડીને સમુદ્રનો એક ભાગ બને છે જેને ‘હિન્દ પ્રશાંત ક્ષેત્ર’ (Indo - Pacific Area) તરીકે ઓળખવામાં આવે છે.

- જે દેશો વિશાળ હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગરના સિધા જ ક્ષેત્રમાં આવે છે તેમને ‘ઈન્ડો – પેસિફિક દેશો’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ તે ક્ષેત્ર છે જેને યુ.એસ. તેની વૈશ્વિક સ્થિતિને પુનર્જીવીત કરવા માટે તેની મોટી રણનીતિનો એક ભાગ તરીકે માને છે.

## THURSDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ પૃથ્વી દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે?

(A) 18 એપ્રિલ (B) 19 એપ્રિલ (C) 20 એપ્રિલ (D) 22 એપ્રિલ — (D)

2. વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીનો પ્રારંભ કયા વર્ષથી થયો હતો?

(A) 1970 (B) 1972 (C) 1976 (D) 1978 — (A)

3. સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે જ્યારે અમેરિકામાં ______ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

(A) નાસા દિવસ (B) વૃક્ષ દિવસ

(C) અવર અર્થ ડે (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં. — (B)

4. કયા દેશે ભારત સાથે ઈન્ડો પેસિફિક મહાસાગરની પહેલ શરૂઆત કરી છે ?

(A) પાકિસ્તાન (B) માલદીવ (C) ઓસ્ટ્રેલિયા (D) કેનેડા — (C)

5. ઓસ્ટ્રેલિયન સરકારે 'ઈન્ડો – પેસેફિક' પહેલને સમર્થન આપવા માટે કેટલી ગ્રાન્ટ પ્રદાન કરી છે?

(A) 1.4 મિલિયન ડોલર (B) 2.4 મિલિયન ડોલર (C) 3.4 મિલિયન ડોલર (D) 4.4 મિલિયન ડોલર — (A)

6. હિન્દ – પ્રશાંત મહાસાગરની પહેલ વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?

1. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ સરહદોને મજબુત બનાવવાનો છે.

2. આ પહેલના મુખ્ય ત્રણ લક્ષ્યો છે, કલ્યાણ પ્રોત્સાહન, સંપત્તિ નિર્માણ અને સહયોગ

3. તેમનો મુખ્ય સિદ્ધાંત સમાન વિચારવાળા દેશો સાથે ભાગીદારી રચવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 1અને 2 (D) 1, 2 અને 3 — (D)

7. ભારતનો લગભગ કેટલા ટકા વેપાર દક્ષિણ ચીન સમુદ્રમાર્ગે થાય છે?

(A) 10%

(B) 20%

(C) 30%

(D) 50% — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 એપ્રિલ, (1) વિશ્વ પુસ્તક દિવસ (World Book Day)
## (2) અંગ્રેજી ભાષા દિવસ (English Language Day)

### વિશ્વ પુસ્તક દિવસ

પુસ્તકના વાંચન, પબ્લિકેશન અને કોપીરાઈટને પ્રોત્સાહન આપવા માટે UNESCO દ્વારા 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ પુસ્તક દિવસને 'વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- UNESCO દ્વારા સૌપ્રથમ 23 એપ્રિલ, 1995ના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપિયર અને શ્રી ઈન્કા ગ્રેસિલસો દે લા વેગાની મૃત્યુ તિથિ છે. આ ઉપરાંત તે અનેક પ્રસિદ્ધ સાહિત્યકારોનો જન્મ તથા મૃત્યુ તિથિ સંકળાયેલી છે. આથી 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ:–

(1) યુનેસ્કો દ્વારા 2019 ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે UAEના શાહજાહ નામના શહેરની જાહેરાત કરવામાં આવી હતી.

(2) વર્ષ 2018માં ગ્રીસનું એથેન્સ અને વર્ષ 2020માં મલેશિયાના કુઆ લુમ્પુરને વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

(3) વર્ષ 2021 માં વર્લ્ડ બુક કેપિટલ તરીકે જ્યોર્જિયાના તિલીસી શહેરને પસંદ કરવામાં આવ્યું છે.

| World Book Capital Cities | | |
|---|---|---|
| વર્ષ | શહેર | દેશ |
| 2018 | એથેન્સ | ગ્રીસ |
| 2019 | શારજાહ | UAE |
| 2020 | કુઆલા લુમ્પુર | મલેશિયા |
| 2021 | તિલિસી | જ્યોર્જિયા |

### અંગ્રેજી ભાષા દિવસ

સમગ્ર વિશ્વમાં 23 એપ્રિલ 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે પણ ઉજવાય છે.

- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપિયરની જન્મ તિથિ તથા મૃત્ય તિથિ હોવાથી આ દિવસને 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે પણ ઉજવવામાં આવે છે.

## વર્લ્ડ ઈકોનોમિક ફોરમે 'Global Energy Transition Index - 2021' જાહેર કર્યું.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા તાજેતરમાં 'Global Energy Transition Index' પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.
- આ ઈન્ડેક્સ એક્સેંચર (Accenture)ના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે.
- આ રિપોર્ટ અનુસાર કુલ 115 દેશોમાં ભારતનો ક્રમ 87મો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2021ના રિપોર્ટમાં સ્વીડન પ્રથમ ક્રમે છે.
- સ્વીડન બાદ નોર્વે બીજા અને ડેનમાર્ક આ રિપોર્ટમાં ત્રીજા ક્રમે છે.
- જ્યારે ઝિમ્બાબ્વે અંતિમ 115માં ક્રમે છે.

## Global Energy Transition Index - 2021 Rank

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | નોર્વે |
| 3 | ડેનમાર્ક |
| 4 | સ્વિત્ઝર્લેન્ડ |
| 5 | ઓસ્ટ્રિયા |

| ક્રમ | દેશ |
|---|---|
| 24 | અમેરિકા |
| 68 | ચીન |
| 69 | શ્રીલંકા |
| 87 | ભારત |
| 115 | ઝિમ્બાબ્વે |

## વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ જાહેર – ખાનગી સહયોગ માટેનું એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમની સ્થાપના 24 જાન્યુઆરી, 1971ના રોજ કરવામાં આવી હતી.
- જેનો મુખ્ય ઉદ્દેશ મુખ્ય વ્યવસાયિક, આંતરરાષ્ટ્રીય રાજનીતિ, શિક્ષણવિદ્દો, બૌદ્ધિકો અને અન્ય અગ્રણી નેતાઓ માટે એક મંચ તરીકે સેવા આપવાનો છે.
- તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલું છે.

# શ્રી જી.સી મૂર્મુને OPCWના બાહ્ય ઓડિટર તરીકે પસંદગી કરવામાં આવી.

શ્રી જી.સી મૂર્મુ (G.C. Murmu)ને 'રાસાયણિક હથિયારનું નિષેધ સંગઠન' (Organization for prohibition of Chemical Weapons -OPCW) ના બાહ્ય ઓડિટર તરીકે પસંદગી કરવામાં આવી છે.

- તેઓ ત્રણ વર્ષ સુધી OPCWના બાહ્ય ઓડિટર તરીકે કાર્ય કરશે.
- શ્રી જી.સી. મૂર્મુ વર્તમાનમાં ભારતના CAG તરીકે ફરજ બજાવી રહ્યા છે.
- શ્રી જી.સી. મૂર્મુ 1985 બેચના ગુજરાત કેડર ના IAS અધિકારી છે.
- તેઓ વર્ષ 2020માં CAG તરીકે નિમાયા હતા.
- તેમણે જમ્મુ – કાશ્મીરના લેફટનન્ટ ગવર્નર તરીકે પણ સેવા આપી હતી.

## OPCW વિશે

OPCWનું પૂરું નામ 'Organisation for Prohibition of Chemical Weapons' છે.

- OPCWમાં કુલ 193 સભ્ય દેશ છે.
- તે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે રાસાયણિક શસ્ત્રો મુક્ત વિશ્વને પ્રાપ્ત કરવા માટે કાર્યરત છે.
- OPCWની સ્થાપના 29 એપ્રિલ, 1997ના રોજ કરવામાં આવી હતી.
- તેમનું મુખ્ય મથક નેધરલેન્ડના હેગ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય મહિલાઓએ AIBA Youth World Boxing Championshipમાં 7 ગોલ્ડ મેડલ જીત્યા

ભારતીય મહિલા બોક્સરોએ AIBA, 2021 યુથ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ઈતિહાસ રચ્યો છે.

- કુલ 8 ભારતીયો ફાઈનલમાં પ્રવેશ્યા હતા. તેમાંથી સાત મહિલાઓ હતી.
- આ તમામ મહિલા ટોચના સ્થાને રહી છે.
- AIBA નું પુરૂનામ '**The International Boxing Association**' છે.
- ગોલ્ડ મેડલ મેળવનાર ખેલાડીઓના નામ નીચે મુજબ દર્શાવ્યા છે.


| ક્રમ | ખેલાડીનું નામ | કેટેગરી (કિગ્રા) |
|---|---|---|
| 1 | શ્રીમતી ગિતિકા | 48 |
| 2 | શ્રીમતી નોરેમ બેરોજિસાના ચાનુ | 51 |
| 3 | શ્રીમતી પુનમ | 57 |
| 4 | શ્રીમતી વિન્કા | 60 |
| 5 | શ્રીમતી અરૂંધતી ચૌધરી | 69 |
| 6 | શ્રીમતી ટી. સનમાચા ચાનુ | 75 |
| 7 | શ્રીમતી આલ્ફિયા પઠાણ | 81 |

**નોંધ :–**

(1) વર્ષ 2017માં ભારતીય મહિલાઓએ પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા.

(2) પુરૂષ વર્ગમાં શ્રી અંકિત નરવાલે 64 કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FRIDAY Questions

(1) સમગ્ર વિશ્વમાં કયો દિવસ 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવાય છે?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ **(B)**

(2) 'વિશ્વ પુસ્તક દિવસ' ને અન્ય કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ (B) આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ

(C) A અને B બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં. **(C)**

(3) યુનેસ્કો દ્વારા સૌપ્રથમ પુસ્તક દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?

(A) 23 એપ્રિલ, 1985 (B) 23 એપ્રિલ, 1975

(C) 23 એપ્રિલ, 2005 (D) 23 એપ્રિલ, 1995 **(D)**

(4) નીચેનામાંથી કયા પ્રસિદ્ધ સાહિત્યકારની મૃત્યુ તિથિ હોવાને કારણે 23 એપ્રિલના દિવસે વિશ્વ પુસ્તક દિવસ ની ઉજવણી કરવામાં આવે છે?

(A) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (B) શ્રી વિલિયમ શેક્સપિયર

(C) શ્રી ઈન્કા ગ્રોસિલસો દે લા વેગા (D) (B) અને (C) બંને **(D)**

(5) યુનેસ્કો દ્વારા વર્ષ 2021ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ?

(A) તિલિસી (B) એથેન્સ (C) દુબઈ (D) શારજાહ **(A)**

(6) કયા દિવસને 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે?

(A) 23 એપ્રિલ (B) 24 એપ્રિલ (C) 25 એપ્રિલ (D) 26 એપ્રિલ **(A)**

(7) 'Global Energy Transition Index-2021' માં ભારતનો ક્રમ કેટલામો રહ્યો છે?

(A) 103 (B) 92 (C) 87 (D) 72 **(C)**

(8) વર્ષ 2021ના 'Global Energy Transition Index' માં પ્રથમ ક્રમાંકે કઈ દેશ રહ્યો છે?

(A) નોર્વે (B) સ્વીડન (C) ડેન્માર્ક (D) અમેરિકા **(B)**

(9) Energy Transition Index કેટલા દેશો માટે બહાર પડવામાં આવે છે?

(A) 115 (B) 120 (C) 125 (D) 130 **(A)**

(10) 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ'ની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી?

(A) 1970 (B) 1971 (C) 1972 (D) 1973 **(B)**

(11) તાજેતરમાં OPCWના બાહ્ય ઓડિટર તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?

(A) શ્રી જી. સી. મૂર્મુ (B) શ્રી રાજીવ અગ્રવાલ (C) શ્રી ચંદ્રેશ કુમાર (D) શ્રી અમિતાભ કાન્ત **(A)**

(12) AIBA 2021 યુથ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં કેટલી ભારતીય મહિલાઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા છે?

(A) 7 (B) 8 (C) 9 (D) 10 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 24 એપ્રિલ, (1) રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (2) World Lab Animal Day

## રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ

ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તત્કાલીન વડાપ્રધાન શ્રી ડૉ. મનમોહન સિંઘે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 24 એપ્રિલ, 2010ના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2010થી ભારતમાં દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ઉજવાય છે.
- ભારતમાં પંચાયતીરાજ વ્યવસ્થા અંગે મહત્ત્વનો 73મો બંધારણીય સુધારો 24 એપ્રિલ, 1993ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 24 એપ્રિલના રોજ 'પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## 73મો બંધારણીય સુધારો

ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં ભાગ–9 માં ઉમેરવામાં આવ્યો છે.

- આ નવા ઉમેરાયેલા ભાગ–9 માં અનુચ્છેદ 243 થી 243(O) અંતર્ગત પંચાયતી રાજ અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં પંચાયતી રાજના અમલ માટે ભારતીય બંધારણમાં એક નવું પરિશિષ્ટ અથવા તો અનુસૂચિ 11 ઉમેરવામાં આવી છે.
- જેમાં પંચાયતોને કાર્યો સોંપવા માટેના 29 વિષયોનો ઉલ્લેખ છે.

## ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ 2 ઓક્ટોબર, 1959ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગદરી ગામમાં પંડિત જવાહરલાલ નહેરૂ દ્વારા પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.

- રાજસ્થાનના નાગૌર જિલ્લામાં શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને આધારે આ પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.
- ભારતના દરેક ખૂણામાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં મુકવી એ મહાત્મા ગાંધીજીનું સપનું હતું.
- આથી, રાજસ્થાનના નાગૌર જિલ્લામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી 2 ઓક્ટોબરના રોજ પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ ભારતમાં 73માં બંધારણીય સુધારા દ્વારા વર્ષ 1993માં પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

**નોંધ :** 73 મો બંધારણીય સુધારો અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલ માટે ગુજરાત સરકાર દ્વારા પંચાયત અધિનિયમ, 1961 નાબૂદ કરીને નવો પંચાયત અધિનિયમ 1993 લાગુ કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની સુપ્રીમ કોર્ટના 48માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી. એન. વી. રમણ(રમન્ના)ના શપથ

24 એપ્રિલ, 2021ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના 48માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી. એન.વી. રમણ (N.V.Ramana) એ શપથ લીધા છે.

- નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે શ્રી. એન. વી. રમણ (એન. વિ. રમન્ના)ને ચીફ જસ્ટિસ તરીકેના શપથ અપાવ્યા હતા.
- 23 એપ્રિલ, 2021ના રોજ નિવૃત્ત થયેલ ચીફ જસ્ટિસ શ્રી એસ.એ.બોબડેના સ્થાને તેઓ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બન્યા છે.
- શ્રી એન.વી.રમણનો કાર્યકાળ 26 ઓગસ્ટ, 2022 સુધી રહેશે.

### શ્રી એન.વી. રમણ (રમન્ના)

શ્રી એન. વી. રમણ (N.V.Ramana)નો જન્મ 27 ઓગસ્ટ, 1957ના રોજ કૃષ્ણા જિલ્લાના પોન્નાવરમ ગામ ખાતે થયો હતો.

- તેઓ આ અગાઉ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હતા.
- વર્ષ 2014માં તેમની સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- એ અગાઉ તેઓ દિલ્હી હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ હતા.
- તેમણે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના જજ તરીકે પણ સેવા આપી છે.
- તેમણે 10 ફેબ્રુઆરી, 1983ના રોજ એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી.
- વકીલાતમાં જોડાતા પહેલા તેઓ ઈનાડુ અખબાર માટે બે વર્ષ પત્રકાર તરીકે કામ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સુપ્રીમ કોર્ટ

ભારતીય બંધારણના ભાગ 5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- 28 જાન્યુઆરી, 1950ના રોજ નવી દિલ્હી ખાતે 'Chamber of Priences' માં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં 'ભારત સરકાર અધિનિયમ, 1935' હેઠળ 'ફેડરેલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ 'ફેડરલ કોર્ટ'ની અનુગામી સંસ્થા છે.
- વિશ્વની ન્યાયાલયોની સરખામણીએ ભારતીય સર્વોચ્ચ ન્યાયાલયને સૌથી વધુ અધિકાર ક્ષેત્ર અને સત્તા પ્રાપ્ત છે.
- સર્વોચ્ચ ન્યાયાલય એ નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરે છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર હતા.

### સુપ્રીમકોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

ભારતીય સંસદને ન્યાયાધીશની સંખ્યામાં વધારો કરવાની સત્તા પ્રાપ્ત છે. પરંતુ સંખ્યામાં ઘટાડો કરવાની સત્તા નથી.

- સંસદે પોતાની આ શક્તિનો ઉપયોગ કરીને ક્રમશઃ ઈ.સ. 1956માં ન્યાયાધીશોની સંખ્યા 8 (1 મુખ્ય ન્યાયાધીશ + 7 અન્ય ન્યાયાધીશ) માંથી 11 (1 મુખ્ય + 10 અન્ય ન્યાયાધીશ), ત્યારબાદ ઈ.સ. 1960 માં 14 (1 મુખ્ય + 13 અન્ય ન્યાયાધીશ) કરવામાં આવી, ઈ.સ. 1978માં 18 (1 મુખ્ય + 17 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1986માં 26 (1 મુખ્ય + 25 અન્ય ન્યાયાધીશ) અને 2008માં સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા અધિનિયમ, 2008 પસાર કરીને ન્યાયાધીશોની સંખ્યા 31 (1 મુખ્ય + 30 અન્ય ન્યાયાધીશ) કરવામાં આવી હતી.

- વર્તમાનમાં જ સંસદ દ્વારા 'સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા અધિનિયમ, 2019' પસાર કરી સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની સંખ્યા 34 કરી હતી.
- એટલે કે વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ + 33 અન્ય ન્યાયાધીશ ) 34 ન્યાયાધીશો રાખવાની જોગવાઈ છે.

## સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ 124(3) મુજબ સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત નીચે મુજબ છે:

1. તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ
2. તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

   અથવા

   તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ
3. રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

## શપથ

- ભારતીય બંધારણની અનુસૂચિ 3 મુજબ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ પોતાનો હોદ્દો સંભાળે તે પહેલા રાષ્ટ્રપતિ સમક્ષ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ શપથ ગ્રહણ કરવાના હોય છે.

## કાર્યકાળ

- સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ 65 વર્ષની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

નોંધ: (1) સુપ્રીમ કોર્ટનો મુદ્રાલેખ છે: 'યતો ધર્મસ્તતો જયઃ' એટલે કે 'જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.'

(2) સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે.

(3) ભારતીય બંધારણના અનુચ્છેદ 124(4) અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

(4) સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે કણીયા હતા.

(5) સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી હતા.

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના અને રચના અંગેની જોગવાઈ |
| 124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | |
|---|---|
| 124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમકોર્ટના ન્યાયાધીશની નિમણુક |
| 124(3) | સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |
| 124(6) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની રાષ્ટ્રપતિ સમક્ષ શપથવિધિ |
| 125 | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોના વેતન અને ભથ્થા |
| 126 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| 127 | તદર્થ (Ad - hoc) ન્યાયાધીશોની નિમણૂક |
| 129 | નજરીઅદાલત (Court of Record) |
| 131 | સર્વોચ્ચ ન્યાયાલયનું મૂળ અધિકાર ક્ષેત્ર |

## Zydusની દવા Virafin ને DCGI દ્વારા મંજૂરી મળી

- <u>ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા</u> (Drug Controller General of India - DCGI)એ તાજેતરમાં <u>'વિરાફીન' (Virafin)</u>ના ઉપયોગ માટે (ઈમર્જન્સી ઉપયોગ માટે) મંજૂરી આપી છે.
- વિરાફિનનો ઉપયોગ પ્રારંભિક Covid-19 ચેપની સારવાર માટે થાય છે.

### વિરાફિન વિશે

- ચેપના પ્રારંભિક તબક્કા દરમિયાન વિરાફિનની એક માત્રા Covid-19 દર્દીઓને ઝડપથી રિકવર કરવામાં મદદ કરશે.
- આ દવા ઓક્સિજન સપોર્ટની જરૂરિયાત ઘટાડવામાં મદદ કરશે.
- Covid-19ના મધ્યમ કેસોમાં વિરાફિન રિકવરી પ્રાપ્ત કરવાના સમયને સુધારે છે.
- <u>Zydus (જાયડસ)</u>ના જણાવ્યા અનુસાર વિરાફિન દવાથી સારવાર કરાયેલા પુખ્ત દર્દીઓમાં 15% દર્દીઓ સાત દિવસમાં આરટી – પીસીઆર રિપોર્ટ કરાવ્યા બાદ નેગેટિવ હોવાનું જણાવ્યું છે.
- નોંધનીય છે કે Zydus Covid - 19 ની રસી <u>ZyCoV - D</u> પર પણ કામ કરી રહ્યું છે.

### DCGI વિશે

DCGIનું પુરું નામ <u>'Drug Controller General of India'</u> છે.

- DCGI દવાઓ અને તબીબી ઉપકરણોને નિયંત્રિત કરે છે.
- DCGI ભારતમાં દવાઓના ઉત્પાદન, આયાત, વેચાણ અને વિતરણના ધોરણો નિર્ધારિત કરે છે.
- DCGI આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ આવે છે.

## SATURDAY Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ — (C)

2. ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો?
(A) 1993 (B) 2002 (C) 2005 (D) 2010 — (D)

3. 2 ઓક્ટોબર, 1959ના રોજ ભારતમાં રાજસ્થાન નાગૌર જિલ્લાના કયા ગામમાં સૌપ્રથમ પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ થયો હતો ?
(A) બલસાણા (B) બગદરી (C) બરગાવ (D) બેનાસ — (B)

4. 'world Lab Animal Day' તરીકે કયો દિવસ ઉજવાય છે?
(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ — (C)

5. ભારતની સુપ્રીમ કોર્ટના 48માં મુખ્ય ન્યાયાધીશ તરીકે કોની નિમણુક કરવામાં આવી છે?
(A) શ્રી એન. વી. રમણ (રમન્ના) (B) શ્રી રજન ગોગઈ
(C) શ્રી એસ.એ. બોબડે (D) શ્રી સુશીલ ચંદ્ર — (A)

6. ભારતની સુપ્રીમ કોર્ટના 48માં ચીફ જસ્ટિસ તરીકે શ્રી એન. વિ.રમણ ને કોને શપથ લેવડાવ્યા છે?
(A) શ્રી રજન ગોગઈ (B) શ્રી રામનાથ કોવિંદ (C) શ્રી એસ.એ.બોબડે (D) શ્રી એમ વૈંકૈયા નાયડુ — (B)

7. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશના શપથ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 124 (3) (B) અનુચ્છેદ 124 (4)
(C) અનુચ્છેદ 124 (5) (D) અનુચ્છેદ 124 (6) — (D)

8. શ્રી એન. વી. રમણ (રમન્ના) સુપ્રીમ કોર્ટના કેટલામાં મુખ્ય ન્યાયાધીશ બન્યા છે?
(A) 46માં (B) 47માં (C) 48માં (D) 49માં — (C)

9. વર્તમાનમાં સુપ્રીમ કોર્ટમાં 1 મુખ્ય અને અન્ય ન્યાયાધીશ મળી કુલ કેટલી ન્યાયાધીશની સંખ્યા છે?
(A) 30 (B) 34 (C) 31 (D) 35 — (B)

10. Zydus ની કઈ દવાને DCGI દ્વારા મંજૂરી મળી છે?
(A) વિરાફિન (B) ટિરાફિન (C) ઝાયકોવિડ (D) ઝાયટીન — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ભારત

➤ **બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોનસને ભારત પ્રવાસ રદ કર્યો.**

કોરોના મહામારીના વધતા ફેલાવાના કારણે બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોનસને ભારતની મુલાકાત રદ કરી છે. તેઓ 25 એપ્રિલના રોજ ભારતની મુલાકાતે આવવાના હતા. અગાઉ, બોરિસ જ્હોનસન વર્ષ 2021માં ભારતના પ્રજાસત્તાક દિનના મુખ્ય અતિથિ તરીકે આવનાર હતા. પરંતુ આ સમયે પણ તેમણે ભારતની મુલાકાત રદ કરી હતી. બોરિસ જ્હોનસન અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વિપક્ષીય વાતચીત કરવાના હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે બંને પક્ષો આગામી દિવસોમાં ડિજિટલ મિટિંગનું આયોજન કરશે, જેમાં ભારત–ઈંગ્લેન્ડ સંબંધો માટેની યોજનાઓ રજૂ કરવામાં આવશે.

➤ **એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ, 2021**

એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 13 એપ્રિલથી 18 એપ્રિલ દરમિયાન યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ભારતીય રેસલર શ્રી દીપક પુનીયાએ 86 કિલોગ્રામ કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. તથા શ્રી સંજીતે 92 કિલોગ્રામની કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. નોંધનીય છે કે ઈરાનના ખેલાડી હસન યઝદાની સામે દીપક પુનીયાનો પરાજય થયો હતો. તથા શ્રી સંજીતનો ઉઝબેકિસ્તાનના રુસ્તમ શોડિવ સામે પરાજય થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ જૂન સુધી મફત અનાજ આપવામાં આવશે**

ભારત સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (Pradhan Mantri Garib Kalyan Ann Yojana) હેઠળ જૂન, 2021 સુધી 5 કિલો મફત અનાજ આપવામાં આવશે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ 2013 હેઠળ આવતા લોકોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. આ યોજના અંતર્ગત આશરે 80 કરોડ લાભાર્થીઓને દર મહિને વ્યક્તિ દીઠ 5 કિલોના દરે મફત અનાજ (ચોખા અથવા ઘઉં) આપવામાં આવે છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના વર્ષ 2020માં શરૂ કરવામાં આવી હતી.

➤ **SBIના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2021-22 માં ભારત 10.22% ની વૃદ્ધિ નોંધાવશે.**

ભારતીય સ્ટેટ બેંકના જણાવ્યા અનુસાર તાજેતરના નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતનો વિકાસ દર 10.4% નો રહેશે. આ અગાઉ SBI એ 11% વૃદ્ધિદર રહેવાની આગાહી કરી હતી. આ અહેવાલમાં જણાવ્યું છે કે ભારત સરકારે લોકડાઉન કરતા રસીકરણના પ્રયત્નો કરવા જોઈએ. આ અહેવાલ મુજબ 13 મોટા રાજ્યોમાં અડધી વસતીને રસી આપવાનો ખર્ચ દેશના GDP ના 1% અથવા મોટા રાજ્યના આરોગ્ય બજેટના 15% થી 20% જેટલો હશે. આ અહેવાલમાં જણાવ્યું છે કે હાલના પ્રતિબંધોના કારણે આર્થિક નુકસાન 5 કરોડ રૂપિયા થવાનો અંદાજ છે.

## વિશ્વ

➤ **રશિયા તેમનું ચંદ્ર મિશન 'Luna 25' (અથવા ચંદ્ર–25) ઓક્ટોબર, 2021 સુધીમાં લોન્ચ કરશે.**

રશિયાની સ્પેસ સંસ્થા રોઝોકોસ્મોસ 21 ઓક્ટોબર, 2021 સુધીમાં 'Luna 25' મિશન લોન્ચ કરશે. આ મિશન એક લેન્ડર લઈ જશે જેનો મુખ્ય ઉદ્દેશ 'ઉતરાણ તકનીક' (Lending Technique)ને સાબિત કરવાનો છે. તે ચંદ્રના દક્ષીણ ધ્રુવની આસપાસના એક્સોસ્ફિયરનો અભ્યાસ કરશે. આજ સુધી ચંદ્રના આ વિસ્તારમાં કોઈ અવકાશ યાન આવ્યું નથી. આ ઉપરાંત 'Luna 25' એ જમીનના નમૂનાઓ એકત્રિત કરવા માટે રોબોટિક આર્મ અને ડ્રિલિંગ હાર્ડવેર સહિત 30 કિલોગ્રામ વૈજ્ઞાનિક ઉપકરણો રાખશે.

➤ **જાપાન, યુ.એસ અને ફ્રાન્સ સાથે પ્રથમ લશ્કરી કવાયતનું આયોજન કરશે**

જાપાન મે, 2021 માં ફ્રેન્ચ અને અમેરિકન સૈનિકો સાથે પ્રથમ સૈન્ય કવાયત હાથ ધરશે. જાપાનના જણાવ્યા મુજબ પ્રદેશિક જળક્ષેત્રમાં ચીની ક્રિયાઓમાં વધારો થવાને કારણે આ કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ કવાયત જાપાન, અમેરિકા અને ફ્રાન્સ વચ્ચેની પ્રથમ મોટી  કવાયત હશે. આ લશ્કરી કવાયત JGSDF કિરીશીમાં તાલીમ ગ્રાઉન્ડ ખાતે યોજવાની છે.

## ગુજરાત

➤ **નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની ગુજરાતના GIFT CITY માં કાર્ય કરશે**

આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સિયલ સેવા કેન્દ્રએ તાજેતરમાં નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓને ગુજરાતના GIFT CITY માં કામ કરવાની મંજૂરી આપી હતી.  નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓને હવે લોન, રોકાણ, ડેરિવેટિવ ટ્રેડ અને થર્ડ પાર્ટી પ્રોડક્ટ સેલ્સ જેવી સંપૂર્ણ સેવાઓ પ્રદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. આ પગલું વિશ્વભરની ટોચની નાણાકીય સેવાઓ આકર્ષિત કરશે.  GIFT CITY એ ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે.  ગિફ્ટ સિટીનો વિચાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ – ઈન્વેસ્ટર સમિટ 2007 માં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1) તાજેતરમાં કયા દેશના વડાપ્રધાને ભારત પ્રવાસ રદ કર્યો છે? – બ્રિટન
2) વર્તમાનમાં બ્રિટનમાં વડાપ્રધાન પદે કોણ છે? – શ્રી બોરિસ જોન્સન
3) કયો દેશ ઓક્ટોબર, 2021 સુધીમાં 'Luna 25' નામનું ચંદ્ર મિશન લોન્ચ કરશે? – રશિયા
4) એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં શ્રી દીપક પુનીયા એ કેટલા કિલોગ્રામની કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવ્યો છે? – 86
5) એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં શ્રી સંજીતે કેટલા કિલોગ્રામની  કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે? – 92
6) ભારત સરકારે કઈ યોજના હેઠળ જૂન સુધી મફત અનાજ આપવાની જોગવાઈ કરી છે? – પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના
7) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના કયા વર્ષે શરૂ કરવામાં આવી હતી? – વર્ષ 2020
8) SBIના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2021-22 માં ભારત કેટલા ટકાની વૃદ્ધિ નોંધાવશે? – 10.22%
9) તાજેતરમાં કઈ કંપનીઓને ગુજરાતના GIFT City માં કાર્ય કરવાની મંજૂરી આપી છે? – નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની
10) જાપાન કયા બે દેશ સાથે પ્રથમ લશ્કરી કવાયતનું આયોજન કરશે? – યુ.એસ. અને ફ્રાંસ

# Question Of this Week

- તાજેતરમાં કયા દેશના વડાપ્રધાને રાજકીય અસ્થિરતા અને વધતા જતા ગુનાહિત કેસના કારણે તેમના પદ પરથી રાજીનામું આપ્યું? –હૈતી (HAITI)
(તાજેતરમાં કેરેબિયન દેશ હૈતીના વડાપ્રધાન જોસેફ જુથે રાજકીય અસ્થિરતા અને વધતા જતા ગુનાહિત કેસના કારણે તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે. જોસેફ જૂથ માર્ચ – 2020માં વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા.)

- પાકિસ્તાનમાં ડી.એસ.પી. બનનારા પ્રથમ હિન્દુ મહિલાનું નામ જણાવો. –શ્રીમતી મનીષા રોટા

- પર્યાવરણીય નુકસાનના કૃત્યોને સજા કરવા માટે કયા દેશે 'ઈકોસાઈડ' (Ecocide) અધિનિયમ બનાવ્યો છે? –ફ્રાન્સ
(ફ્રાન્સની રાષ્ટ્રીય સભાએ તાજેતરમાં 'ઈકોસાઈડ' ગુનાના નિર્માણને મંજૂરી આપી હતી જે પર્યાવરણીય નુકસાનના કૃત્યોને અને સજા આપવા માટેનું છે.)

- તાજેતરમાં થયેલી શોધ અનુસાર કઈ જાતિઓ 'મગજના કદમાં વધારો અને ઘટાડો' એમ બંને કરવા માટે સક્ષમ છે? –ભારતીય જમ્પિંગ કીડી

- તાજેતરમાં ઈઝરાયેલે કઈ દેશ સાથે સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કર્યા હતા? –ગ્રીસ
(ઈઝરાયલ અને ગ્રીસે તેમના સૌથી મોટા સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કર્યા છે આ સોદાથી બંને દેશોના આર્થિક અને રાજકીય સંબંધો મજબૂત બનશે.)

- તાજેતરમાં કયા દેશે ક્રીપ્ટો કરન્સી પર પ્રતિબંધ લગાવ્યો છે? –તુર્કી
(ડિજિટલ ચલણમાં રહેલા જોખમોને ધ્યાનમાં રાખીને તુર્કીની સેન્ટ્રલ બેંકે ક્રીપ્ટો કરન્સી પર પ્રતિબંધ લગાવ્યો છે.)

- તાજેતરમાં કેન્દ્ર સરકારે કઈ હાઈકોર્ટને કહ્યું હતું કે FASTag ને ફરજિયાત બનાવી એ 'સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોનું' ઉલ્લંઘન નથી? –બોમ્બે હાઈકોર્ટ
- તાજેતરમાં ભારતે કયા દેશ સાથે દરિયાઈ વાતાવરણમાં પ્રવેશતા પ્લાસ્ટિક સામે લડવા માટે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે? –જર્મની
(તાજેતરમાં ભારત અને જર્મનીએ દરિયાઈ વાતાવરણમાં પ્રવેશતા પ્લાસ્ટિક સામે લડવા માટે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે આ MoU થી ભારતને 2022 સુધીમાં 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રેઝ' લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળશે.)

- તાજેતરમાં 'ટેબલ માઉન્ટેન પાર્ક' માં આગ લાગી હતી જે કયા દેશમાં સ્થિત છે? –આફ્રિકા(કેપટાઉન)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 1 મેથી કેટલી વર્ષની ઉપરના તમામ લોકોનું રસીકરણ શરૂ કરવામાં આવશે? –18

- તાજેતરમાં કયા દેશે વર્ષ 2050 સુધીમાં 80% ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવાની રાષ્ટ્રીય યોજના શરૂ કરી છે? –ઈઝરાયલ

(ઇઝરાયલ ઉર્જા મંત્રાલયે તાજેતરમાં વર્ષ 2015ની તુલનામાં 2050 સુધીમાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં 80% ઘટાડો કરવાની રાષ્ટ્રીય યોજનાની ઘોષણા કરી હતી આ યોજનાનો મુખ્ય ઉદેશ વર્ષ 2025 સુધીમાં તમામ કોલસા આધારિત પાવર પ્લાન્ટ બંધ કરવાનો છે.)

- તાજેતરમાં કયા મંત્રાલયે રામાયણ પર ઓનલાઈન પ્રદર્શનનું ઉદઘાટન કર્યું છે? –પર્યટન અને સંસ્કૃતિ મંત્રાલય

(કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રીશ્રી પ્રહલાદસિંહ પટેલે તાજેતરમાં રામાયણના પ્રથમ ઓનલાઈન પ્રદર્શનનું ઉદઘાટન કર્યું છે આ પ્રદર્શનમાં 49 નાના ચિત્રો બતાવવામાં આવશે. આ ચિત્રો નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલય માંથી એકત્રિત કરવામાં આવ્યા છે.)

- કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રીએ તાજેતરમાં કઈ યોજના શરૂ કરી છે? –સ્ટાર્ટઅપ ઈન્ડિયા સિડ ફંડ યોજના
- તાજેતરમાં કયા રાજયએ 'જગન્નાથ વિદ્યા દીવેના' યોજના હેઠળ 10.88 લાખ વિદ્યાર્થીઓની ફી ભરપાઈ કરી હતી? – ઓડિશા
- તાજેતરમાં કયા બે દેશ વચ્ચે 'ખંજર' નામનો યુદ્ધ અભ્યાસ યોજાયો હતો? – ભારત–કિર્ગિસ્તાન

(તાજેતરમાં ભારત અને કિર્ગિસ્તાન વચ્ચે 'ખંજર' નામની સંયુક્ત લશ્કરી કવાયત યોજાઈ હતી. આ કવાયત કીર્ગીસ્તાનની રાજધાની બિસ્કેમાં યોજાઈ હતી.)

- વર્ષ 2020 માં કયા ચક્રાવતના કારણે ભારતને 14 અબજ ડોલરનું નુકસાન થયું હતું? – અમ્ફાન
- કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં કયા દેશ સાથે વેપાર ક્ષેત્રમાં સહયોગ ને મંજૂરી આપી છે? – બાંગ્લાદેશ

(કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં ભારતના ડાયરેકટર જનરલ ઓફ ટ્રેડ રેમેડિઝ ઓફ ઈન્ડિયા અને બાંગ્લાદેશના ટ્રેડ અને ટેરિફ કમિશન વચ્ચે હસ્તાક્ષર કરાયેલા સમજૂતીને મંજૂરી આપી છે. આ કરારનો હેતુ વિશ્વ વેપાર સંગઠનની જોગવાઈઓ અનુસાર માહિતીની આપ–લે, વેપાર અને અન્ય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે.)

- તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે કયા દેશને યુદ્ધવિરામ કરાર લાગુ કરવા સંમતિ આપી છે? – લિબિયા

- તાજેતરમાં ગુગલ ડૂડલમાં પ્રકાશિત થયેલ પ્રથમ મહિલા સર્જન વેરા ગેડ્રોઇટ્સ કયા દેશના હતા? – રશિયા

- તાજેતરમાં કયા દેશે 'No Ban Act' ખરડો પસાર કર્યો છે? – અમેરિકા

(તાજેતરમાં અમેરિકી પ્રતિનિધિ સભાએ 'No Ban Act' ખરડો પસાર કર્યો હતો જે ધર્મ આધારિત મુસાફરી પ્રતિબંધો લાદવાની રાષ્ટ્રપતિની ક્ષમતાને મર્યાદિત કરશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીએ 'કોસ્મિક રોઝ' ના ચિત્રો રજૂ કર્યા છે? – **NASA**

(નાસા એ તાજેતરમાં 'કોસ્મિક રોઝ'ના ચિત્રો રજૂ કર્યા હતા જે નાસાના હર્બલ ટેલિસ્કોપ દ્વારા ખેંચવામાં આવ્યા હતા)

- પોટામોફિલેક્સ કોરોના વાયરસ શું છે? – એક નવા શોધાયેલા જંતુનું નામ

(કોસોવોના જીવનવિજ્ઞાની હેલ ઈબ્રાહિમેની દ્વારા શોધાયેલા નવા જંતુનું નામ COVID-19 વાયરસના નામ પરથી 'કોરોના વાયરસ' નામ રાખ્યું છે. ઈબ્રાહિમીએ ઘણા વર્ષોથી વિવિધ પ્રકારની કેડિસપ્લાય પ્રજાતિઓ પર કામ કર્યુ છે. આ પ્રજાતિ શ્રાપિત પ્રર્વતમાળાઓમાં મળી આવી હતી.)

- યુનાઈટેડ કિંગડમ દ્વારા શોધાયેલ નવા ડિજિટલ ચલણનું નામ શું છે? – બ્રિટકોઈન

- તાજેતરમાં કયા દેશના ક્ષેત્રમાં કટોકટીની ઘોષણા કરી હતી? – ઈથોપિયા

(ઈથોપિયાએ તાજેતરમાં તેમના અમહર ક્ષેત્રના દક્ષિણ ભાગમાં કટોકટીની ઘોષણા કરી હતી. કારણકે ત્યાં વિવિધ ભાગોમાં હિંસા ફાટી નીકળી હતી)

- S & P Global Ratings ના જણાવ્યા અનુસાર વર્ષ 2021-22 માં ભારતીય અર્થવ્યવસ્થા કેટલા % ની વૃદ્ધિ કરશે? – 11%

(એસ.એન્ડ.પી ગ્લોબલ રેટિંગ્સે તાજેતરમાં જણાવ્યું હતું કે વર્ષ 2021-22 માં ભારતીય અર્થવ્યવસ્થા 11%ની વૃદ્ધિની કરશે આ અગાઉ એસ. એન્ડ. પી. એ 10%ના વૃદ્ધિદરનો અનુમાન કર્યુ હતું એસ.એન્ડ.પી ગ્લોબલ રેટિંગ્સએ અમેરિકાની ક્રેડિટ રેટિંગ એજન્સી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત કયા દેશ સાથે 'કલાઈમેન્ટ એન્ડ ક્લીન એનર્જી એજન્ડા 2030' ભાગીદારી શરૂ કરી હતી? – યુ.એસ (US)

(22 એપ્રિલ, 2021 ના રોજ ભારત અને યુ.એસ.એ લીડર્સ સમિટ દરમિયાન યુએસ ઈન્ડિયા ક્લાઈમેન્ટ એન્ડ ક્લીન એનર્જી એજન્ડા 2030 ભાગીદારી શરૂ કરી હતી. યુ.એસ. રાષ્ટ્રપતિએ આબોહવા વિષય પર લીડર્સ સમિટનું આયોજન કર્યુ હતું આ સમિટમાં 40 દેશોના નેતાઓએ ભાગ લીધો હતો.)

- નાસાના કયા રોવરે મંગળ ગ્રહ પર ઓક્સિજનનું નિર્માણ કર્યુ છે? – પર્સિવરનસ રોવર

- 'નિમ્બસ' કઈ દેશની મુખ્ય 'કલાઉડ સેવા પરિયોજના' છે? – ઈઝરાયલ

- ઓસ્ટ્રેલિયાએ કયા દેશ સાથેના 'બેલ્ટ એન્ડ રોલ' પહેલ અંગેના કરાર રદ કર્યા છે? – ચીન

- તાજેતરમાં શ્રી ઈદરીસ ડેબી ઈટનોનું નિધન થયું છે. જે કયા દેશના રાષ્ટ્રપતિ હતા? – ચાડ

- WHO દ્વારા ટ્રેકોમોને નાબૂદ કરવા માટે કયા દેશને માન્યતા આપી છે? – ગાંબિયા
(વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ તાજેતરમાં એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા તરીકે ટ્રેકોમાં નાબુદીને માન્યતા આપી છે. આ સાથે ગેમ્બિયા આ સિદ્ધિ હાંસલ કરનાર WHO ના આફ્રિકન ક્ષેત્રમાં બીજો દેશ બન્યો છે.)

- કયા દેશમાં વર્લ્ડ યૂથ બોક્સિંગ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું, જ્યાં ભારતીય મહિલાઓએ 7 ગોલ્ડ મેડલ જીત્યા હતા?
– પોલેન્ડ

- તાજેતરમાં કયા દેશની સાંસદે 'નફરતના ગુના' સામે લડવા માટેના અધિનિયમ ની મંજૂરી આપી છે?
– અમેરિકા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT